
Monday, 23 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



જ્યારે આપણું અંતિમ ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વધુ ને વધુ દુઃખ સહન કરવાની શક્તિ આપણામાં હોય ત્યારે આ જ સાચી જીત છે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૨૮ ● સંવત-૨૦૮૩ કારતક સુદ ચૌદશ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

પ્રફુલભાઈ પટેલે સતત ચોથા દિવસે દીવમાં નિર્માણાધિન વિવિધ વિકાસ કામોનું કરેલું નિરીક્ષણ

શનિવારે મલાલા-નાગવા રોડનું પ્રશાસકશ્રીએ ઝીણવટતાપૂર્વક નિરીક્ષણ કરી કામ ઝડપથી પૂર્ણ કરવા કોન્ટ્રાક્ટરને આપેલો નિર્દેશ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૨

દીવ જિલ્લામાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષાના ભાગ રૂપે, દાદરા નગર હવેલી અને દમણ - દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે શનિવાર તા.૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દીવમાં નિર્માણાધીન મલાલા-નાગવા રોડનું બારિકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને તેના અમલીકરણની સ્થિતિનો અભ્યાસ કર્યો હતો. આ દરમિયાન પ્રશાસકશ્રીએ સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને બાંધકામ કાર્યોમાં નિર્ધારિત ધારા-ધોરણોનું સખ્ત પાલન કરીને જરૂરી ગુણવત્તા જાળવવા અને બાંધકામ કાર્ય ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ તા.૧૮ નવેમ્બર, ૨૦૨૬થી દીવ જિલ્લાની સત્તાવાર મુલાકાતે છે. આ સમયગાળા દરમિયાન, તેમણે દીવ જિલ્લામાં અમલમાં મુકાયેલા વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

બેંગ્લોર વિધાનસભા ગૃહમાં 'ફર્સ્ટ કોમનવેલ્થ વુમન પાર્લામેન્ટરીયન્સ ઈન્ડિયા રીજીયન કોન્ફરન્સ' યોજાઈ

દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન ડેલકરે લીધેલો ભાગ

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની ઉપસ્થિતિમાં આજીયત કોન્ફરન્સમાં મહિલા નેતૃત્વને પ્રોત્સાહિત કરવા, લોકતાંત્રિક અને કાયદાકીય સંસ્થાઓમાં મહિલાઓની પ્રભાવી ભાગીદારી સુનિશ્ચિત કરવા, ડિજિટલ સશક્તિકરણ, સાયબર સુરક્ષા, કાયદાકીય યોગ્યતા નિર્માણ અને નવી મહિલા જનપ્રતિનિધિઓના માટે માર્ગદર્શન અને મેન્ટરશિપ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર કરાયેલો વિસ્તૃત વિચાર-વિમર્શ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૨

કર્ણાટક રાજ્યના પાટનગર બેંગલુર સ્થિત વિધાનસભા ગૃહમાં આયોજીત બે દિવસીય 'ફર્સ્ટ કોમનવેલ્થ વુમન પાર્લામેન્ટરીયન ઈન્ડિયા રીજીયન કોન્ફરન્સ'માં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકરે પણ ભાગ લીધો હતો. આ અવસરે લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાના હસ્તે ઉદ્ઘાટન કાર્યક્રમમાં બે દિવસીય સંમેલનનો મુખ્ય વિષય 'સ્ટ્રોંગ ફાઉન્ડેશન્સ, સ્ટ્રોંગ વોઈસ, ઈક્લૂઝિવ સાયબર સ્પેસ એન્ડ મેન્ટોરશીપ પથવેઈસ ફોર ન્યુ વુમન લેગિસલા ટોર્સ' હતો.

આ સંમેલનમાં દેશભરની મહિલા સાંસદો અને વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મહિલા જનપ્રતિનિધિએ ભાગ લીધો હતો. આ દરમિયાન મહિલા નેતૃત્વને પ્રોત્સાહિત કરવા, લોકતાંત્રિક અને કાયદાકીય સંસ્થાઓમાં મહિલાઓની પ્રભાવી ભાગીદારી સુનિશ્ચિત કરવા, ડિજિટલ સશક્તિકરણ, સાયબર સુરક્ષા, કાયદાકીય યોગ્યતા નિર્માણ અને નવી મહિલા જનપ્રતિનિધિઓના માટે માર્ગદર્શન અને મેન્ટરશિપ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યા હતા.

દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર માટે પણ આ સંમેલન મહિલા નેતૃત્વ, જનપ્રતિનિધિત્વ અને લોકતાંત્રિક ભાગીદારીના દ્રષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ રહ્યો હતો. આવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ મહિલા જનપ્રતિનિધિને પોતાના અનુભવ વ્યક્ત કરવા, વિવિધ ક્ષેત્રમાં પડકારને સમજવા અને જનહિત સાથે જોડાયેલ મુદ્દાઓને વ્યાપક સ્તર પર ઉઠાવવાનો અવસર પ્રદાન કરે છે. વિશેષ રૂપે જનજાતીય ક્ષેત્રોની મહિલાઓની શિક્ષા, સામાજીક ભાગીદારી, સમાન અવસર અને સશક્તિકરણ જેવા વિષયોને પ્રાથમિકતા આપવા સમાવેશી વિકાસની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

આ સંમેલન મહિલા નેતૃત્વને નવી દિશા આપવા, સંસદીય લોકતંત્રને વધુ સમાવેશી બનવા અને વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પમાં મહિલાઓની નિર્ણાયક ભાગીદારી સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ છે.

'રોહિત સમાજ સેવા ટ્રસ્ટ' અને 'દાદરા રોહિત સમાજ સાર્વજનિક મંડળ'ના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ અને વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી

દાદરામાં યોજાયેલા મેગા રક્તદાન શિબિરમાં ૨૬૪ યુનિટ એકત્ર થયેલું રક્ત

દરેક સમાજના તંદુરસ્ત વ્યક્તિએ જાહેર સેવા અને માનવ કલ્યાણ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાની અપીલ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૨

આજે દાદરા ગ્રામ પંચાયતમાં 'રોહિત સમાજ સેવા ટ્રસ્ટ' અને 'દાદરા રોહિત સમાજ સાર્વજનિક મંડળ'ના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ અને વલસાડ

- (વધુ પાના નં.૨ પર)

નશામુક્તિના સંકલ્પ સાથે

ભામટી પ્રગતિ મંડળ દ્વારા ફિટનેસ ક્લબનો પ્રારંભ



શનિવારે દમણ જિ.પં.ની શિક્ષણ સમિતિના ચેરમેન મુકેશ ગોસાવીએ દમણવાડાના ઉપ સરપંચ મિલન રાયચંદ, દમણ વિદ્યુત વિભાગના નિવૃત્ત સહાયક એન્જિનિયર અનિલભાઈ દમણિયા, ભામટી પ્રગતિ મંડળના પ્રમુખ કિશોરભાઈ દમણિયાની ઉપસ્થિતિમાં ભામટી ફિટનેસ ક્લબની કરાવેલી શુભ શરૂઆત

ગામમાં શિક્ષણ અને સંગઠનના બનેલા વાતાવરણ સાથે યુવાનોથી લઈ વયોવૃદ્ધ સુધીના પુરૂષો અને મહિલાઓ પોતાના આરોગ્યની કાળજી લઈ તંદુરસ્ત અને સ્વસ્થ ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૨

ભામટી પ્રગતિ મંડળ દ્વારા શનિવારે અદ્યતન ભામટી ફિટનેસ ક્લબનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શનિવારે દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મુકેશ ગોસાવીએ દમણવાડા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ શ્રી મિલન રાયચંદ, વિદ્યુત વિભાગના નિવૃત્ત સહાયક એન્જિનિયર અને પ્રગતિ મંડળના પૂર્વ અધ્યક્ષ શ્રી અનિલભાઈ દમણિયા તથા ભામટી પ્રગતિ મંડળના પ્રમુખ શ્રી કિશોરભાઈ દમણિયાની ઉપસ્થિતિમાં ભામટી ફિટનેસ ક્લબનો આરંભ કરાવ્યો હતો.

તાજેતરમાં ભામટી પ્રગતિ મંડળ દ્વારા સભ્યો માટે ભેટ કુપનનું આયોજન કરી મેળવેલા ભંડોળથી અદ્યતન જીમનો આરંભ મંડળના સભ્યો માટે કરવામાં આવ્યો છે. જેના કારણે યુવાશક્તિ અને ખાસ કરીને જેન-ઝી નશા સહિતના દૂષણોથી દૂર રહી જીમના માધ્યમથી પોતાની તંદુરસ્તી પ્રત્યે સભાન રહી શકશે. ગામમાં શિક્ષણ અને સંગઠનના બનેલા વાતાવરણ સાથે ભામટી ફિટનેસ ક્લબના આરંભથી યુવાનોથી લઈ વયોવૃદ્ધ સુધીના પુરૂષો અને મહિલા પણ પોતાના આરોગ્યની કાળજી લેતા થશે.

આ પ્રસંગે ભામટી પ્રગતિ મંડળની મહિલા શાખાના સભ્યો હોંશભેર ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ પણ ભામટી ફિટનેસ ક્લબના આરંભને ટેકો આપ્યો હતો.



સુવિચાર - સદ્‌વિચાર

મહાનતા એ નથી કે તમે શું મેળવ્યું, પણ કેટલાને પ્રેરિત કર્યા, પ્રેરણાનો સ્રોત બનો.

કવિતા

અજવાળું ખભ્ભે નાખીને ફાનસ ભાગે

અજવાળું ખભ્ભે નાખીને ફાનસ ભાગે,
મૃત્યુના ચશ્મા પ્હેરીને માણસ ભાગે !

શૂન્યોના સરવાળા કરતા રાત પડે છે,
દીવો સળગવા બેસો ત્યાં બાકસ ભાગે !

દિગંતોની વાટ પકડવા સંધ્યાટાણે,
ઢળતા સૂરજનું ઓઠું લઈ સારસ ભાગે !

એક ફરાળી શમણું વ્હેંચી દો મંદિરે
કોરા ઉપવાસીઓની અગિયારસ ભાગે !

સારા - નરસાનાં લેખાંજોખાં કયાં સુધી ?
સંસ્કૃતિની ખંડણી ભરતા વારસ ભાગે !

એની સામે બાળક જેવા થઈ જાઓ તો,
તીણા તીણા પોકાર કરી રાક્ષસ ભાગે !

- ભરત પટેલ

આજની જોક

છગન : ત્રણ અઠવાડિયાથી મેં મારી પત્ની સાથે વાત જ નથી કરી.
મગન : મરે ! પણ એવું કેમ ?'
છગન : મને વચમાં બોલવું પસંદ નથી.

કબીર વાણી



કોઈ એક પાવે સંતજન, જા કે પાંચો હાથ;
જાકો પાંચો વશ નહિ, તાકો હરિ સંગ ન સાથ.

- અર્થાત-

જેઓએ પોતાની પાંચે ઈંદ્રિઓને તાબે કરી છે તેઓમાંના કોઈ એક સાધુ પુરુષને પરમાત્મા મળે છે, પણ પાંચે ઈંદ્રિઓને જેણે વશ નથી કીધી, તેને ઈશ્વરનો મેલાપ થઈ શકતો નથી.

ચાણક્ય ઉવાચ



कालः पचति भूतानि कालः संहरते प्रजाः।
कालः सुप्तेषु जागर्ति कालो हि दुतिक्रिक्रमः।

-અર્થાત-

સમય બધા પ્રાણીઓનો નાશ કરે છે અને સમય જ પ્રજાનો સંહાર કરે છે. જ્યારે બધા લોકો ઊંઘતા હોય છે ત્યારે પણ સમય જાગતો રહે છે, સમયની ગતિ કોઈ રોકી શકતું નથી.

આજનો દિન વિશેષ

સત્ય સાંઈ બાબા

સત્ય સાંઈ બાબા(જન્મ સત્યનારાયણ રાજુ ૨૩ નવેમ્બર ૧૯૨૬-૨૪ એપ્રિલ ૨૦૧૧) એક ભારતીય ધર્મગુરુ અને પરોપકારી હતા. ૧૪ વર્ષની ઉંમરે, તેમણે શિરડી સાંઈ બાબાના પુનર્જન્મ હોવાનો દાવો કર્યો અને 'મારા ભક્તો મને બોલાવે છે; મારું કામ છે' એમ કહીને પોતાનું ઘર છોડી દીધું.

ભક્તોએ સત્ય સાંઈ બાબાને અલૌકિક શક્તિઓ, ખાસ કરીને વિભૂતિ (પવિત્ર રાખ) અને નાની વસ્તુઓનું ભૌતિકીકરણ, આભાર માન્યો. આ પ્રદર્શન તેમની જાહેર પ્રતિષ્ઠાનું કેન્દ્ર બન્યા.વર્ષોથી સત્ય સાંઈ બાબા પર અસંખ્ય આરોપોનો સામનો કરવો પડ્યો. જોકે, તેમના પર ક્યારેય કોઈ ગુનો દાખલ થયો ન હતો.

જીવનચરિત્ર : પ્રારંભિક જીવન અને ઘોષણાઃ સત્ય સાંઈ બાબા ૧૪ વર્ષની ઉંમરે, શિરડી સાંઈ બાબાના પુનર્જન્મની ઘોષણા કર્યા પછી તરત જ સત્ય સાંઈ બાબાનો જન્મ ૨૩ નવેમ્બર ૧૯૨૬ના રોજ પુટ્ટપર્થી ગામમાં (તે સમયે બ્રિટિશ ભારતના મદ્રાસ પ્રેસિડેન્સીનો ભાગ, હાલના આંધ્રપ્રદેશમાં) સત્યનારાયણ રાજુ તરીકે થયો હતો. તેમનો જન્મ ભત્રાજુ પરિવારમાં થયો હતો, જે તેલુગુ ભાષી ધાર્મિક સંગીતકારો અને ગાયકોનો સમુદાય હતો.

સત્ય સાંઈ બાબાના પ્રારંભિક જીવન વિશે લગભગ બધું જ તેમની આસપાસ ઉછરેલા હજીયોગ્રાફીમાંથી ઉદ્ભવે છે. આ કથાઓ તેમના ભક્તો માટે ખાસ મહત્વ ધરાવે છે, જેઓ તેમને તેમના દૈવી સ્વભાવના પુરાવા માને છે. સત્ય સાંઈ બાબાનું બાળપણ અલૌકિક સંકેતો દ્વારા ચિહ્નિત થયેલ હતું, જેમાં સંગીતનાં સાધનો અસ્પૃશ્ય વગાડવામાં આવતા હતા અને તેમના પારણા નીચે એક કોબ્રા દેખાતો હતો. હજીયોગ્રાફિક અને ભક્તિમય અહેવાલો તેમને ભક્તિના કાર્યો પ્રત્યે પ્રારંભિક ઝુકાવ અને શિક્ષણશાસ્ત્રમાં અરુચિ ધરાવતા અપવાદરૂપે દયાળુ બાળક તરીકે વર્ણવે છે. માર્ચ ૧૯૪૦માં વીંછીના કરડ્યા પછી, તેઓ ઘણા કલાકો સુધી બેભાન થઈ ગયા અને પછી સંસ્કૃત શ્લોકો ગાવાનું શરૂ કર્યું.

મે ૧૯૪૦માં, સત્ય સાંઈ બાબાએ પોતાને શિરડીના સાંઈ બાબાના પુનર્જન્મ તરીકે જાહેર કર્યા, જે સત્યના જન્મના આઠ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ તેઓ 'સત્ય સાંઈ બાબા' તરીકે જાણીતા થયા. ૨૦ ઓક્ટોબર ૧૯૪૦ના રોજ, ચૌદ વર્ષની ઉંમરે, સત્ય સાંઈ બાબાએ 'ન્યાયીપણાના સિદ્ધાંતો (ધર્મ) ને ફરીથી સ્થાપિત કરવા' માટે એક મિશન શરૂ કરવા માટે તેમના ઔપચારિક શિક્ષણ અને પરિવારનો ત્યાગ કર્યો, જે ભગવદ ગીતામાં કૃષ્ણના હેતુની ઘોષણાનો સંકેત છે.

આધ્યાત્મિક : ધ્યાન

ધ્યાન એ એક એવી પ્રથા છે જેમાં વ્યક્તિ ધ્યાન અને જાગૃતિને તાલીમ આપવા અને 'વિચારશીલ, ચિંતનશીલ વિચારો'થી અલગ થવા માટે એક તકનીક અથવા તકનીકોના સંયોજનનો ઉપયોગ કરે છે. માનસિક રીતે સ્પષ્ટ અને ભાવનાત્મક રીતે શાંત અને સ્થિત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે,જ્યારે અસરોનું વિશ્લેષણ કરવાનો છે.

કેન્દ્રિત પદ્ધતિઓમાં શ્વાસ અથવા મંત્રો જેવા ચોક્કસ પદાર્થો પર ધ્યાન શામેલ છે, જ્યારે ખુલ્લા દેખરેખમાં વર્તમાન ક્ષણમાં માઇન્ડફુલનેસ અને વ્યક્તિલક્ષી અનુભવોની જાગૃતિ શામેલ છે. ધ્યાન વિવિધ ધાર્મિક પરંપરાઓમાં કરવામાં આવે છે, અને તે તેના સ્વાસ્થ્ય લાભો માટે કોઈપણ ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રભાવોથી સ્વતંત્ર રીતે પણ કરવામાં આવે છે.ધ્યાન ના સૌથી જૂના રેકોર્ડ ઉપનિષદોમાં જોવા મળે છે, અને જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, હિન્દુ ધર્મ અને તાઓ ધર્મના ચિંતન ભંડારમાં ધ્યાન મુખ્ય ભૂમિકા ભજવે છે. યહુદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામમાં પણ ભગવાનના સ્મરણ, પ્રાર્થના અને ભક્તિના સંદર્ભમાં ધ્યાન જેવી તકનીકો જાણીતી છે.

સુરત પાર્લે પોઈન્ટ વિજયરામચન્દ્રસૂરી આરાધનાભવન ખાતે 'ગરવી ગાથા ગિરિરાજ'ની વિષય પર જાહેર પ્રવચન

''જૈનોનું શ્રી શેત્રુંજય મહાતીર્થ એ વન્ડર ઓફ ધી વર્લ્ડ છે'' - વિજય પુણ્યરક્ષિતસૂરિ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

લોકોત્તર જૈનશાસનમાં નમસ્કાર મહામંત્ર મંત્રાધિરાજ છે., પર્યુષણ મહાપર્વ પર્વાધિરાજ છે, શ્રી સિદ્ધચક્ર યંત્ર યંત્રાધિરાજ છે તેમ શ્રી શંત્રુજય તીર્થાધિરાજ છે.

શ્રી શંત્રુજય મહાતીર્થ એ આ અવનીનો અલંકાર છે., શ્રી શંત્રુજય મહાતીર્થ એ આ ભરતક્ષેત્રનો ચલણી સિક્કો છે.શ્રી શંત્રુજય મહાતીર્થ એ આ ભરતમૂનીની ભવ્યતા છે., શ્રી શંત્રુજય મહાતીર્થ એ સોરકદેશનું સૌંદર્ય છે., શ્રી શંત્રુજય મહાતીર્થ એ ધરતીનું ધરણું છે., શ્રી શંત્રુજય મહાતીર્થ એ વન્ડર ઓફ ધી વર્લ્ડ છે. ઉપરોક્ત શબ્દો સુરત શહેરના મધ્યવર્તી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સુપ્રસિદ્ધ એવા વિજયરામચંદ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન આધ્યાત્મિક પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયમુક્તિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન જોશીલા પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયપુણ્યરક્ષિતસુરિજી મહારાજે અ.સૌ.સેજલબેન કલ્પેશભાઈ શાહના શ્રેણીતપ (૮૩ ઉપવાસ + ૨૭ બિપાસણા = ૧૧૦ દિવસ) મંગલમય પૂર્ણાહૂતિ નિમિત્તે સિપોર ગુજરાત નિવાસી શ્રી મનુભાઈ બબલુદાસ શાહ પરિવાર (અઠવાલાઈન્સ - સુરત) દ્વારા આયોજીત તપોત્સવ પ્રસંગે ગરવી ગાધા ગિરિરાજની યાને શ્રી શંત્રુજય મહાતીર્થનો મહિમા'' વિષય પર રવિવારીય જાહેર પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા.

શ્રી શંત્રુજય મહાતીર્થના સુમનોહર પટની સન્મુખ આયોજીત આ તીર્થભક્તિમય પ્રવચનમાં પુજયશ્રીએ જણાવ્યું હતું કે, જે તીર્થ સનાદિઅનંત એટલે શાશ્વત છે. જયાં પ્રથમતિર્થપતિ શ્રી આદિનાથ પરમાત્મા પૂર્વ ૯૯ વખત પધાર્યા હતા. જે તીર્થનો મહિમા સીમંધરસ્વાએ સમવસરણમાં ઈન્દ્ર મહારાજા સમક્ષ વર્ણોવ્યો હતો. જે તીર્થની છ 'રી' પાલક યાત્રા ભવયાત્રાને ટૂંકાવનારી બને છે. સાક્ષાત તીર્થંકર પરમાત્માના દર્શન નંદન પૂજન સ્મરણ અને ધ્યાનથી જે કર્મનિર્જરા અને આત્મવિશુદ્ધિ છે. તેટલી કર્મનિર્જરા અને આત્મવિશુદ્ધી આ તિર્થાધિરાજના દર્શન-સ્પર્શનથી થાય છે.

'અષ્ટાપદ-સમ્મેતીશખરજી-પાવાપુરી-શંખેશ્વર-જીરાઉલા-નાગેશ્વર-રાણકપુર આદિ સર્વ તીર્થોની યાત્રા કરતા જે લાભ મળે તેના કરતા સો ગણું ફળ શ્રી શંત્રુજય મહાતીર્થની યાત્રા કરવાથી મળે છે.

આજના તીર્થભક્તિમય પ્રવચનમાં જૈનાચાર્યશ્રીએ (૧) શ્રી શંત્રુજય મહાતીર્થની પાંચ તળેટીઓ કઈ કઈ છે? (૨) બાબુના દેરાસર નિર્માણનો ઈતિહાસ શું છે? (૩) રામપોળ વાઘણપોળ રતનપોળ નામ કેવી રીતે પડ્યુ? (૪) પુણ્ય પામની બારીનો ઈતિહાસ શું છ? (૫) શ્રી આદેશ્વરદાદાની છેલ્લી પ્રતિષ્ઠા ક્યારે અને કેટલા સુરિભગવંતોની નિશ્રામાં પાડ અને તે વખતે શું ચમત્કાર થયો? (૬) શ્રી ચૌમુખની ટૂંકી-શ્રી મોતીશાની ટૂંક, શ્રી ઉજમફઈની ટૂંકનો ઈતિહાસ શું છે? વિગેરે વિગેરે અનેકવાતો વર્ણવી પ્રવચનશ્રોતાઓને શ્રી શંત્રુજય મહાતીર્થ પ્રત્યે અહોભાવિત કર્યા હતા. ''અન્યસ્થાનોમાં કરેલા પાપોને ધોવા તીર્થસ્થાને જવાનું તે પણ તીર્થસ્થાને કરેલા પાપો વજુલેપ જેવા બની જાય છે.''

''તિર્થસ્થાનોમાં ક્યારેય રાત્રિ ભોજન ન જ કરવું જોઈએ એ વાતની ખાસ પ્રેરણા પણ કરી હતી. સવારે ૯:૧૫ કલાકે પ્રારંભ થયેલા આ પ્રવચન ૧૧:૪૫ કલાકે પૂર્ણ થયા બાદ પ્રવચન આયોજક પરિવાર તથા તપસ્વીના પિતા તરફથી ૧૫૦ રૂપિયાનું વિશિષ્ટ સંઘપૂજન થયેલ. સદૈવ સંસ્મરણીય પ્રવચન થવા પામેલ.

દીવના ઘોઘલામાં 'સાગર મેં યોગ' રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન, ૭૦થી વધુ સ્પર્ધકોએ લીધો ભાગ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૨

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઈન્ડિયા (NUSI) દ્વારા 'સાગર મેં યોગ' રંગોળી સ્પધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઘોઘલાના ગણેશ નગર ખાતે આવેલા કોમ્યુનિટી હોલમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૭૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ અને NUSIના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ પહેલનો મુખ્ય હેતુ યોગ, સ્વાસ્થ્ય, સર્જનાત્મકતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો.

સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ રંગોળી દ્વારા યોગના વિવિધ આસનો, સ્વસ્થ જીવનશૈલી અને યોગના મહત્વને સુંદર રીતે રજૂ કર્યા હતા. સ્પર્ધાના અંતે પ્રથમથી પાંચમા ક્રમ સુધીના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય તમામ સ્પર્ધકોને પણ આશ્વાસન ઈનામ આપી તેમની ભાગીદારીને બિરદાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા પ્રતિભા સ્માર્ટ અને આરાધના સ્માર્ટ, NUSI મહિલા કો-ઓર્ડિનેટર અભિલાષા સોનાવણે, ઓફિસ આસિસ્ટન્ટ મિસ સ્વાતિ વી. પાટીલ તથા દીવ બ્રાન્ચના પ્રતિનિધિ હેમલ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત NUSIની મહિલા વિંગ, યુવા વિંગના સભ્યો તથા તેમના પરિવાર સહિત અન્ય આગેવાનો અને ઉપસ્થિત લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ સમગ્ર આયોજન દ્વારા યોગ અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાની સાથે મહિલાઓ અને યુવાનોની સર્જનાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઈન્ડિયા દીવ બ્રાન્ચના પ્રતિનિધિએ ઉપસ્થિત તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

દીવમાં વાજા જ્ઞાતિ દ્વારા પરંપરાગત રીતે ભવ્ય તુલસી વિવાહનું આયોજન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૨

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વાજા જ્ઞાતિ દ્વારા ઠાકુરજીના લગ્ન એટલે કે તુલસી વિવાહનું ભવ્ય આયોજન ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવ્યું હતું.

વિક્રમ સંવત ૨૦૮૩ના કારતક સુદ અગિયારસના પવિત્ર દિવસે યોજાયેલા આ તુલસી વિવાહ પ્રસંગે સાંજે ૬:૩૦ વાગ્યે લક્ષ્મી નારાયણ મંદિરે વિવિધ જ્ઞાતિના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. અને ભજન કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૭ કલાકે લક્ષ્મી નારાયણ મંદિરેથી ઠાકુરજીની ભવ્ય વરયાત્રા નીકળી હતી. પાલખીમાં બિરાજમાન ઠાકુરજીને વાજતે-ગાજતે દીવના મુખ્ય માર્ગો પરથી થઈ અને વેકરિયા હનુમાનજીની ખાણ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

ત્યાં પરંપરાગત વિધિ મુજબ ઠાકુરજીના પોંખણાં કરવામાં આવ્યા હતા. ત્યારબાદ હસ્તમેળાપ અને લગ્નવિધિનું આયોજન થયું વિધિ વિધાન સાથે હસ્ત મેળાપ સંપન્ન કરવામાં આવ્યો હતો. બીજા દિવસે એટલેકે આજે જમળવાર ચોરીના ફેરા, કનસારની વિધિ તેમજ વિદાય સહિતની તમામ પરંપરાગત વિધિઓ ભક્તિભાવપૂર્વક કરવામાં આવશે.આ સમગ્ર પ્રસંગ દરમિયાન ધાર્મિક માહોલ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. વાજા જ્ઞાતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખતાં તુલસી વિવાહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

(પહેલાં પાનાનું ચાલુ)
દાદરામાં યોજાયેલા...

રક્તદાન કેન્દ્રના સહયોગથી મેગા 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ દાનહ અને દમણ-દીવના પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મહેશભાઈ આગરિયાએ 'રક્તદાન શિબિર'ના આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ''રક્તદાન એ એક મહાન માનવતાવાદી સેવા છે. રક્તદાન કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને નવું જીવન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. સમાજના તંદુરસ્ત દરેક વ્યક્તિએ આવી જાહેર સેવા અને માનવ કલ્યાણ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ.'' તેમણે તમામ રક્તદાતાઓનો હૃદયથી આભાર માન્યો હતો.

આ પ્રસંગે દાદરા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી ભારતીબેન હળપતિ, નાયબ સરપંચ શ્રી કમલેશ દેસાઈ, દેમણી ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી સુમિત્રાબેન, રોહિત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ, દાદરા રોહિત સમાજ સેવા મંડળના પ્રમુખ અને અધિકારીઓ, તથા મહાનુભાવો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ મેગા રક્તદાન શિબિરનું આયોજન કરવાનો ઉદ્દેશ્ય સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ વધારવાનો અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો હતો. મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તનું દાન કર્યું હતું જેમાં ૨૬૪ યુનિટ રક્ત એકત્ર થવા પામ્યું હતું.

'સેવા હી સાધના હૈ' મંત્રને સાર્થક કરતા

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને પરિવાર હુરૂન ફિલાન્થ્રોપી લિસ્ટ-૨૦૨૬માં દાનની રકમમાં ૧૨૭% નો જંગી ઉછાળો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૨૨

ઉદ્યોગ જગતમાં નવા શિખરો સર કરવાની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ અને લોકકલ્યાણના ક્ષેત્રે પણ અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણી અને તેમનો પરિવાર સતત અગ્રેસર રહ્યા છે. તાજેતરમાં પ્રકાશિત 'એડલગિવ હુરૂન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૬' (EdelGive Hurun India Philanthropy List 2026) અહેવાલ મુજબ, શ્રી ગૌતમ અદાણી અને તેમના પરિવારે પાછલા વર્ષની સરખામણીએ પોતાના સેવાકીય દાનમાં ૧૨૭ ટકાનો જંગી વધારો કરીને પોતાનું દાન રૂા.૮૭૭ કરોડ સુધી પહોંચાડ્યું છે અને યાદીમાં ત્રણ ક્રમ આગળ વધીને બીજા સ્થાને પહોંચ્યા છે. રૂા.૪૯૧ કરોડનો આ વધારો સમગ્ર યાદીમાં રકમની દૃષ્ટિએ સૌથી મોટો છે.

હુરૂન ઈન્ડિયાના તાજા અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૬ની યાદીમાં HCL ના શિવ નાદર રૂા.૨,૫૯૩ કરોડના દાન સાથે પ્રથમ ક્રમે રહ્યા છે, જ્યારે અન્ય અગ્રણી ઉદ્યોગપતિઓના દાનમાં સ્થિરતા કે સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. આવા સમયે શ્રી ગૌતમ અદાણી અને પરિવારે જનસેવાના કાર્યો માટે ઉદાર હાથે દાનનો પ્રવાહ બમણાથી વધુ કર્યો છે.

શ્રી ગૌતમ અદાણીનો સેવાભાવ માત્ર વાર્ષિક આંકડાઓ પૂરતો સીમિત નથી, પરંતુ લાંબા ગાળાના રાષ્ટ્રનિર્માણ સાથે જોડાયેલો છે.પોતાના ૬૦મા જન્મદિવસ અને પિતા શાંતિલાલ અદાણીની જન્મશતાબ્દી નિમિત્તે ગૌતમ અદાણીએ ભારતના ગ્રામીણ અને વંચિત વર્ગના ઉત્થાન માટે રૂા.૬૦,૦૦૦ કરોડના ઐતિહાસિક દાનની જાહેરાત કરી હતી.

આ જ પરંપરાને આગળ ધપાવતા, નાના પુત્ર જીત અદાણીના લગ્ન પ્રસંગે પણ પરિવારે આડંબર કરવાને બદલે સાદગીનો માર્ગ અપનાવતા સમાજસેવા માટે રૂા.૧૦,૦૦૦ કરોડ સમર્પિત કર્યા હતા.

અદાણી ફાઉન્ડેશનના માધ્યમથી કરવામાં આવતું આ દાન મુખ્યત્વે ભારતના ત્રણ પાયાના ક્ષેત્રોમાં ક્રાંતિ લાવી રહ્યું છે.

૧.આરોગ્ય (Healthcare): દેશમાં આરોગ્ય ક્ષેત્રે દાનમાં આ વર્ષે ૮૨% નો વધારો થયો છે, જેમાં અદાણી પરિવારનો સિંહફાળો છે. મેયો ક્લિનિક (Mayo Clinic)ના માર્ગદર્શન હેઠળ અમદાવાદ અને મુંબઈમાં ૧૦૦૦-૧૦૦૦ બેડની અત્યાધુનિક 'અદાણી હેલ્થ સિટી' અને મેડિકલ કોલજોના નિર્માણ માટે અનુદાન ફાળવવામાં આવ્યું છે.

૨.શિક્ષણ (Education) :દેશભરમાં વિશ્વસ્તરીય શાળાઓ ચાલે છે અને નવી શરૂ કરવામાં આવી રહી છે, જેમાં સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને વિનામૂલ્યે શિક્ષણ પૂરું પાડવામાં આવશે.

૩.કૌશલ્ય વિકાસ અને ગ્રામીણ ઉત્થાન(Skill Development):યુવાનોને રોજગારલક્ષી તાલીમ અને ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે દેશના અંતરિયાળ વિસ્તારોમાં ફાઉન્ડેશન સતત કાર્યરત છે.

ડૉ. પ્રીતિ અદાણીના નેતૃત્વ હેઠળ કાર્યરત અદાણી ફાઉન્ડેશન આજે દેશના કરોડો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહ્યું છે. હુરૂન ફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૬નો આ અહેવાલ સાબિત કરે છે કે સંપત્તિના સર્જનની સાથે તેને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં શ્રી ગૌતમ અદાણી અને તેમનો પરિવાર ભારતના સૌથી સંવેદનશીલ અને અગ્રણી ભામાશા તરીકે ઉભરી આવ્યા છે.

સરકડિયા ઘોડી નજીક દીપડો દેખાતાં માર્ગ બંધ કરાયા

ગિરનાર લીલી પરિક્રમામાં દીપડાની એન્ટ્રીથી ફફડાટ

વન વિભાગે તમામ યાત્રાળુઓને સાવચેતી રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
જૂનાગઢ, તા.૨૨

વિશ્વવિખ્યાત ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન દીપડાની હાજરી સામે આવતાં યાત્રાળુઓમાં ફફડાટ ફેલાયો હતો. પરિક્રમા માર્ગ પર સરકડિયા ઘોડી નજીક દીપડો જોવા મળતાં વન વિભાગ અને વહીવટી તંત્ર તાત્કાલિક સતર્ક બન્યું હતું. યાત્રાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને થોડા સમય માટે પરિક્રમા માર્ગ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સરકડિયા ઘોડી નજીક દીપડો દેખાતાં વન વિભાગે તાત્કાલિક સ્થળ પર ટીમો મોકલી હતી. વન વિભાગના કર્મચારીઓએ દીપડાની હિલચાલ પર નજર રાખી આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમા કરી રહ્યા હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી.





વન વિભાગ દ્વારા સ્થળ પર તપાસ અને પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ સુરક્ષાની ખાતરી મળતાં પરિક્રમા માર્ગ ફરીથી યાત્રાળુઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેના કારણે પરિક્રમા કરી રહેલા શ્રદ્ધાળુઓએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડો દેખાયા બાદ વન વિભાગે યાત્રાળુઓને ખાસ સૂચના આપી છે કે તેઓ નિર્ધારિત પરિક્રમા માર્ગ પર જ ચાલે અને રસ્તો છોડીને જંગલ વિસ્તારમાં પ્રવેશ ન કરે. ગિરનારનો જંગલ વિસ્તાર વન્યજીવોનું કુદરતી રહેઠાણ હોવાથી તેમની અવરજવર રહેતી હોય છે.વન વિભાગે તમામ યાત્રાળુઓને સાવચેતી રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે, જેથી ધાર્મિક યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર શ્રી નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

કલેક્ટરાલયના સભાખંડમાં મળેલી બેઠકમાં ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરે ઉમરગામ તાલુકાના ગોવાડા ગામે સર્વે નં.૯૧૬ની જમીનના અરજદારનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, તેઓ ૯૫ વર્ષથી રહેતા આવ્યા છે અને કોઈ કારણસર જમીન સરકારી શીર પડતર બતાવે છે. આ પ્રકારે ઉમરગામ તાલુકામાં ઘણા ખેડૂતો અશિક્ષિત અને ખેતી કરે છે તેમ છતાં તેમની જમીન સરકાર હસ્તક દાખલ કરી છે. આ પ્રકારની જમીન ૫૦ વર્ષથી ખેડૂત ખેડતા હોય તો જમીન પુન:ખેડૂતોને આપવા રજૂઆત કરી હતી, જેના જવાબમાં ઉમરગામના મામલતદારે જણાવ્યું કે, જમીન શીર પડતર હેડે ચાલતી હોય તો અરજદારને વાંધો હોય તો અપીલ રાહે દાદ મેળવી શકે છે.

ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે વલસાડના ફલધરા ગામમાં પર્યટન સ્થળ તરીકે જાણીતા જલારામધામમાં જલારામ જંયતીના દિવસે રાત્રિના ૯:૩૦ કલાકે ભજન સત્સંગ પોલીસ દ્વારા બંધ કરાવી દેવાતા ભકતોની લાગણી દુભાય હોવાની રજૂઆત કરી હતી, જે મામલે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજાએ કહ્યું કે, આ બાબતે મારૂ ધ્યાન દોરવં હતું જેથી સમસ્યાનો ઉકેલ તુરંત લાવી શકયા હોત. ઉમરગામ ધારાસભ્ય એ તાલુકામાં વિવિધ સ્થળે મંજૂર થયેલી હાઈસ્કૂલ, છાત્રાલય અને સાયન્સ કોલેજનું કામ ચાલુ ન થવા અંગે રજૂઆત કરી હતી. જે અંગે કામગીરી ચાલુ થઈ હોવાનું કાર્યપાલક ઈજનેર શ્રી જતીન પટેલે જણાવ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે હાલમાં ધરમપુરથી નાનાપોંઢા રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન ૧૧ વાહનોને જમ કરવામાં આવ્યા હોવાથી કામગીરી અટકી ગઈ હોવાનું જણાવી કાયદેસર કાર્યવાહી કરી વહેલી તકે વાહન મુક્ત કરવા જણાવતા કલેક્ટર શ્રી નિતિન સાંગવાને દંડનીય કાર્યવાહી કરી વાહનો મુક્ત કરાશે એમ જણાવ્યું હતું.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે વલસાડ શહેરના વિવિધ માર્ગો પર દુકાનદારો દ્વારા બહાર મુકવામાં આવતા હોર્ડિંગ્સ, બેનર અને સ્ટેચ્યુના કારણે રસ્તા પર ટ્રાફિક જામ અને વાહન પાર્કિંગની સમસ્યાથી તમામ લોકો ત્રસ્ત થઈ ચૂક્યા છે ત્યારે આ મામલે પાલિકા અને પોલીસ દ્વારા એક બે દિવસ નહીં પરંતુ સતત કડક કામગીરી કરવા જણાવ્યું હતું, જે મામલે કલેક્ટર શ્રી નિતિન સાંગવાને પાલિકાના ચીફ ઓફિસરને કડક શબ્દોમાં જણાવ્યું કે, જાહેર માર્ગ ઉપર દબાણ કયારેય ચલાવી લેવાય નહીં. આ મામલે માત્ર એક દિવસ નહીં પણ રોજે રોજ કામગીરી થવી જોઈએ અને ટીમ બનાવી કયારેક સરપ્રાઈઝ ચેકિંગ પણ થવું જોઈએ, દુકાન બહારથી જે પણ સામાન ઉંચકો તે પરત પણ કરવો જોઈએ નહીં.

ભાગ-૨ની બેઠકમાં દર મહિનાના પ્રથમ રવિવારે જિલ્લા વહીવટી તંત્રના અધિકારી અને કર્મચારીઓ દ્વારા થતા સ્વચ્છતા અભિયાનની કામગીરીનું પ્રેઝન્ટેશન દ્વારા સમીક્ષા કરી હતી. જેમાં સફાઈ અભિયાન બાદ પણ વારંવાર જે તે સ્થળ ઉપર સ્થાનિક લોકો દ્વારા ગંદકી કરવામાં આવતી હોય તો તેવા લોકો સામે મોટી રકમમાં દંડનીય કાર્યવાહી કરવા માટે સૂચન કર્યું હતું. જો દંડ ન ભરે તો તેઓની મિલકતમાં બોજો દાખલ કરવા સુધીની કાર્યવાહી કરવા કલેકટરે જણાવી આપણા વલસાડને સ્વચ્છ રાખવાની જવાબદારી સૌની છે એમ જણાવ્યું હતું. ગંદકી થતી રોકવા માટે જાહેર જનતા ઉપર પણ અંકુશ લાગશે તો જ સ્વચ્છતા અભિયાન સાર્થક ગણાશે. જે માટે ગંદકી ફેલાવતા દુકાનદારોની દુકાન સીલ કરવા સુધીની કાર્યવાહી કરવી પડે તો પીછેહઠ નહીં કરવા કલેકટરશ્રીએ સૂચન કર્યું હતું.

સંકલન બેઠકમાં આ સિવાય પણ વિવિધ પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી વંદના મીણા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન નિવાસી અધિક શ્રી કલેક્ટર શ્રી કે.એસ.ડાભીએ કર્યું હતું.

વાપી સલવાવ બાપા સિતારામ આશ્રમમાં

આસ્થા ઉલ્લાસ સાથે પરંપરાગત રીતે તુલસી વિવાહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

ભગવાન વિષ્ણુ અને તુલસી માતાના વિવાહ, પ્રસંગની ઉજવણીમાં વરઘોડા સહિત લગ્ન સમારંભ યોજાયો









(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપી હાઈવે સલવાવ સ્થિત બાપા સિતારામ આશ્રમમાં આસ્થા, ઉલ્લાસ સાથે ભવ્ય તુલસી વિવાહમાં ભક્તિ સભર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ભગવાન વિષ્ણુનો વરઘોડા સાથે અતિમનોહર લગ્ન સમારોહ યોજાયો હતો. તુલસી વિવાહ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભરવાડ સમાજ સહિત સેંકડો લોકો જોડાઈને ધન્યતા અનુભવી હતી.

પૌરાણિક માન્યતા અનુસાર વૃંદા અને શાલીગ્રામ પતિવ્રતા વૃંદાના આર્શિવાદ અને તપ સાથે જોડાયેલી કથા છે. કથા અનુસાર વૃંદાની રાખમાંથી તુલસીનો છોડ પ્રગટ થયો હતો. ભગવાન વિષ્ણુએ શાલીગ્રામ સ્વરૂપે તુલસી સાથે વિવાહ કર્યો હતો. સનાતન ધર્મમાં આજ પર્યંત પૌરાણિક માનયતા અને કથા અનુસાર પ્રત્યેક કારતક માસમાં તુલસી વિવાહ કરવની પરંપરા પણ ચાલતી આવી છે. સલવાવ બાપા સિતારામ આશ્રમ ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ભગવાનનો વરઘોડો, મામેરૂ અને અતિમનોહર લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરવાડ સમાજે હર્ષોલ્લાસથી ભાગ લઈ તુલસી વિવાહમાં જોડાયા હતા. ઢોલ, ત્રાસા, ડી.જે.ના તાલે ભગવાનનો વરઘોડો નિકળ્યો હતો. કાર્યક્રમ સમાપ્તી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પારડી ખાતે રંગેચંગે તુલસી વિવાહની ઉજવણી કરાઈ



પારડી નગરપાલિકા કારોબારી અધ્યક્ષ ચેતનભાઇ ભંડારી કન્યા પક્ષે જ્યારે પ્રિતેશભાઈ રાણા વર પક્ષે જાન લઈને આવ્યા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૨

કારતક સુદ એકાદશી જેને દેવ ઉઠી એકાદશી કે તુલસી વિવાહની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે અને આ દિવસ પછી જ હિન્દુ પરંપરામાં લગ્નની શરૂઆત પણ થાય છે. ભગવાન શિવના નેત્રાગ્ની માંથી જન્મેલા જાલંધરના પત્ની વૃંદાના ત્યાગ અને પવિત્રતા અને ભગવાન પ્રત્યેના અખંડ ભાવથી પ્રસન્ન થઈ વૃંદાને પવિત્ર તુલસીના છોડના સ્વરૂપમાં પ્રગટ કરી અને ભગવાને શાલિગ્રામ સ્વરૂપ ધારણ કરી તેમનો સંબંધ ભક્તિ અને પવિત્રતાના પ્રતિક તરીકે સ્થાપિત થયો ત્યારથી તુલસી વિવાહની પરંપરા ચાલતી આવે છે. પારડી દમણીઝાંપા તુલસી ક્યારા પટેલ સ્ટ્રીટ ખાતે શ્રી ગણેશ યુવક મંડળ દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી સતત તુલસી વિવાહનું આયોજન કરી ભગવાન શ્રી કૃષ્ણ વરપક્ષ અને માતા ભગવતી વૃંદા કન્યા પક્ષના માતા પિતા તરીકે દરેકને મોકો આપવામાં આવે છે.

૨૧/૧૧/૨૦૨૬ના રોજ પણ દેવ ઉઠી એકાદશીના રોજ તુલસી વિવાહનું ખુબ જ ગામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું અને ખૂબ જ રંગેચગે તેની ઉજવણી કરવામાં આવી હતી.

આ વર્ષે પારડી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ દમણીઝાંપા સ્થિત શ્રી ચેતનકુમાર નગીનચંદ્ર પટેલ (ભંડારી) તથા શ્રીમતી જીજ્ઞાબેન ચેતનકુમાર ભંડારીએ માતા વૃંદા ભગવતીના માતા પિતા તરીકે તથા વલસાડી ઝાંપા સ્થિત મેઘાબેન તથા પ્રિતેશભાઈ કિશોરભાઈ રાણાએ ભગવાન શ્રીકૃષ્ણના માતા પિતા તરીકેની ફરજ નિભાવની જવાબદારી નિભાવી હતી.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ગોર મહારાજ દ્વારા લગ્ન વિધિના દરેક પ્રસંગો શાંતક, વરરાજાનું આગમન, હસ્તમેળાપ, સપ્તપદી જેવા દરેક પ્રસંગો ઉજવી ભગવાન શ્રી વિષ્ણુ અને વૃંદાના લગ્ન વિધિ કરવામાં આવી હતી.

પારડીના ધારાસભ્ય અને નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ મેળવ્યા હતા.

આજના આ પ્રસંગે પારડીના ધારાસભ્ય શ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી ધ્રુવીનભાઈ ભંડારી, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ મહામંત્રી શ્રી ઝુબીનભાઈ દેસાઈ શ્રી અશોકભાઈ પ્રજાપતિ, પારડી શહેર યુવા મોરચા ભાજપ પ્રમુખ શ્રી મેહુલભાઈ ભરવાડ મહામંત્રી શ્રી જેનીલભાઈ દેસાઈ, પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, ઉપપ્રમુખ શ્રીમતી ફાલ્ગુનીબેન ભટ્ટ, બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, ટીપી ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, વીજળી સમિતિ ચેરમેન શ્રીમીત ઉષાબેન યોગેશભાઈ પટેલ, વોટર વર્કસ ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, નગરપાલિકા સદસ્ય શ્રીમતી જાગૃતિબેન દેવેનભાઈ શાહ, શ્રીમતી ભૂમિબેન શ્રેયાંશ પારેખ, શ્રી જીગ્નેશભાઈ આહીર, શ્રી લાલજીભાઈ યાદવ, વલસાડ જિલ્લા આદિજાતિ ઉપાધ્યક્ષ તથા પૂર્વ પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, પૂર્વ પારડી શહેર ભાજપ યુવા પ્રમુખ શ્રી જેસીંગભાઈ ભરવાડ, વર પક્ષ અને કન્યા પક્ષના મહાનુભાવો તથા ગણેશ યુવા મંડળના દરેક કાર્યકરો યુવાન આ પ્રસંગે હાજર રહી આજના આ તુલસી વિવાહ પ્રસંગને દીપાવ્યો હતો.

શરદી-ખાંસી, તાવમાં જાતે જ એન્ટિબાયોટિક દવા લેવાની આદત બની શકે છે ગંભીર: વલસાડમાં જનજાગૃતિ માટે ઝુંબેશ

ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ ન લેવા જિલ્લા આરોગ્ય વિભાગની નાગરિકોને અપીલ







■ 'One Health, One Action: Prevent AMR Now' થીમ હેઠળ જનભાગીદારીના સંદેશ સાથે અભિયાન ■ તા.૧૮થી ૨૪ નવેમ્બર દરમિયાન વિશ્વ એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહની ઉજવણી ■ એન્ટિબાયોટિક દવાઓનો અયોગ્ય ઉપયોગ અટકાવવો સમયની માંગ: AMR સામે જનજાગૃતિ અનિવાર્ય ■ અધૂરી સારવાર અને મનસ્વી દવાઓના સેવનથી વધી રહ્યું છે એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR)નું જોખમ

એન્ટિબાયોટિકનો યોગ્ય ઉપયોગ જ છે સાચો ઉપાય છે

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ ન કરે અને અન્ય લોકોને પણ તેના યોગ્ય ઉપયોગ અંગે જાગૃત કરે. એન્ટિબાયોટિકનો યોગ્ય ઉપયોગ જ છે સાચો ઉપાય છે. આજે દવાઓનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીશુ તો જ ભવિષ્યની પેઢી માટે અસરકારક સારવારના વિકલ્પો જાળવી શકીશું. એન્ટિબાયોટિકનો યોગ્ય ઉપયોગ કરો, AMR અટકાવવામાં સહભાગી બનો અને ભવિષ્યની પેઢીનું સ્વાસ્થ્ય સુરક્ષિત રાખો.

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

જરા પણ શરદી, ખાંસી કે તાવ આવે એટલે લોકો જાતે જ મેડિકલ સ્ટોર્સ પરથી એન્ટિબાયોટીક દવા લઈ લે છે અથવા તો ઘરે કોઈકની સામાન્ય લક્ષણ વાળી દવા પડી હોય તો તે પી લે છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં એન્ટિબાયોટિક દવાઓ વિવિધ પ્રકારના બેક્ટેરિયલ ચેપની સારવાર માટે આશીર્વાદરૂપ તો સાબિત થઈ છે. પરંતુ આ જીવનરક્ષક દવાઓનો નાની નાની વાતમાં બિનજરૂરી અને અયોગ્ય ઉપયોગ આજે સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બની રહ્યો છે. એન્ટિબાયોટિક દવાઓના વધુ પડતા ઉપયોગથી બેક્ટેરિયા દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા વિકસાવે છે, જેને એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) કહેવામાં આવે છે. પરિણામે સામાન્ય ચેપની સારવાર પણ મુશ્કેલ બની શકે છે. આ સમસ્યા અંગે લોકોમાં જાગૃતિ લાવવા વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૮થી ૨૪ નવેમ્બર દરમિયાન વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR – Antimicrobial Resistance) જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ "One Health, One Action: Prevent AMR Now" રાખવામાં આવી છે. આ થીમ માનવ સ્વાસ્થ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણ વચ્ચેના પરસ્પર સંબંધને દર્શાવે છે અને AMR સામે સામૂહિક પ્રયાસો કરવા પ્રેરિત કરે છે.

શું છે AMR અને શા માટે છે ચિંતાનો વિષય છે તે અંગે વલસાડના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.વિપુલ ગામીતે જણાવ્યું કે, એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ એટલે સૂક્ષ્મજીવો દ્વારા દવાઓની અસર સામે પ્રતિકારક ક્ષમતા વિકસાવવી. ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ લેવી, ખોટી માત્રામાં દવા લેવી અને સારવાર અધૂરી છોડવી જેવી બાબતો આ સમસ્યાને વધારી શકે છે. ખાસ કરીને સામાન્ય શરદી, ઉધરસ અને વાયરલ તાવ જેવી બીમારીઓમાં એન્ટિબાયોટિક દવાઓ અસરકારક હોતી નથી, કારણ કે તે બેક્ટેરિયલ ચેપ સામે કામ કરે છે, વાયરલ ચેપ સામે નહીં. એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ હંમેશાં તબીબની સલાહ મુજબ જ કરવો જોઈએ. પોતાની રીતે દવા લેવી, અગાઉની બચેલી દવાઓનો ઉપયોગ કરવો કે અન્ય વ્યક્તિની દવા લેવી જોખમી બની શકે છે. તબીબે સૂચવેલી માત્રા અને સમયપત્રકનું પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. AMR માત્ર માનવ આરોગ્યની સમસ્યા નથી, પરંતુ પશુ આરોગ્ય અને પર્યાવરણ સાથે પણ સંકળાયેલો પડકાર છે. તેથી તબીબો, ફાર્માસિસ્ટ, કેમિસ્ટ-ડ્રગિસ્ટ, આરોગ્ય કર્મચારીઓ અને નાગરિકોએ સંયુક્ત રીતે જવાબદારી નિભાવવી જરૂરી છે.

ખાસ લેખ
- જિજ્ઞેશ સોલંકી

લોકોમાં જાગૃતિ આવે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહેલા કાર્યક્રમો અંગે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. મનોજભાઈ પટેલે જણાવ્યું કે, AMR જાગૃતિ સપ્તાહ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્ય સંસ્થાઓ અને સંબંધિત વિભાગોના સંકલનથી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તા. ૧૮ નવેમ્બરે AMR અંગે પ્રતિજ્ઞા લેવામાં આવી, તા.૧૯મીએ IMA (Indian Medical Association), IAP (Indian Academy of Pediatrics) અને FOGSI (Federation of Obstetric and Gynaecological Societies of India)ના સહયોગથી તબીબો માટે CME (Continuing Medical Education) આયોજન કરવામાં આવ્યું. જેમાં એન્ટિબાયોટિક દવાઓનો તર્કસંગત ઉપયોગ, યોગ્ય પ્રિસ્ક્રિપ્શન અને AMRના નિવારણ અંગે તબીબી નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. તા.૨૦મી Food and Drugs Control Administration (FDCA) દ્વારા કેમિસ્ટ અને ડ્રગિસ્ટ સાથે બેઠક યોજી ડૉક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના એન્ટિબાયોટિક દવાઓનું વેચાણ ન કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત મેડિકલ સ્ટોર્સની મુલાકાત અને તપાસ દ્વારા નિયમોનું પાલન થાય છે કે, નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે. જિલ્લાની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં OPD અને વેઇટિંગ એરિયામાં આવતા દર્દીઓને પોસ્ટર, બેનર તથા IEC પ્રવૃત્તિઓ દ્વારા એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય ઉપયોગ અંગે સમજ આપવામાં આવી રહી છે. તા.૨૧મી AMR અંગે જનજાગૃતિ ફેલાવવા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિપક્ષના આક્ષેપ, મનપા કમિશનરની સ્પષ્ટતા

નવસારીમાં વિકાસ દાવા વચ્ચે કરોડોની મિલકતો બિનઉપયોગી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવસારી, તા.૨૨

મહાનગરપાલિકાનો દરજ્જો ધરાવતા નવસારી શહેરમાં રૂ. ૫૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોના દાવાઓ વચ્ચે કરોડોના ખર્ચે તૈયાર થયેલી સરકારી મિલકતો બિનઉપયોગી પડી હોવાનો મુદ્દો સામે આવ્યો છે. વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે તૈયાર શોપિંગ સેન્ટરોમાં તાળા લટકી રહ્યા છે, જ્યારે ચોમાસામાં ધોવાયેલા રસ્તા અને અધૂરા પ્રોજેક્ટ્સ વિકાસના દાવાઓને પોકળ સાબિત કરે છે.

અહેવાલ મુજબ, નવસારી નગરપાલિકા હતી ત્યારથી હાથ ધરાયેલા પ્રોજેક્ટ્સ પૈકી બાજપાઈ શોપિંગ સેન્ટર—જેમાં ૧૫થી વધુ દુકાનો અને એક કમ્યુનિટી હોલ તૈયાર છે—તે આજ દિન સુધી બિનઉપયોગી પડ્યું છે અને તેની હરાજી કે ભાડે આપવાની પ્રક્રિયા થઈ નથી. આ ઉપરાંત સ્ટેશન વિસ્તારના પશ્ચિમ વિભાગમાં ૨૦થી વધુ દુકાનો ધરાવતું વિશાળ શોપિંગ સેન્ટર પણ ઉપયોગ વગર પડ્યું છે અને દેખરેખના અભાવે આ મિલકતો જર્જરિત બની રહી હોવાનું જણાવાયું છે.

વિપક્ષના નેતાઓએ શાસકો અને વહીવટી તંત્ર પર પ્રહારો કરતાં આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકાને આર્થિક લાભ કરાવી શકે તેવી મિલકતોનો ઉપયોગ ન થતાં તિજોરીને નુકસાન થઈ રહ્યું છે. ચોમાસામાં રસ્તાઓને થયેલા નુકસાન અને અધૂરા પ્રોજેક્ટ્સ ફરી શરૂ ન થવા મુદ્દે વિપક્ષે કામગીરીને "અણઆવડત વગરના કામો" ગણાવી છે. બીજી તરફ, નવસારી મહાનગરપાલિકાના કમિશનરે સ્પષ્ટતા કરી છે કે મનપાની માલિકીની કમ્યુનિટી હોલ અને દુકાનો સહિતની પ્રોપર્ટી માટે કમિટીની રચના કરવામાં આવશે. ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે મળીને આ કમિટી મિલકતોનું વેલ્યુએશન કરી ભાડું નક્કી કરશે અને ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયા દ્વારા લીઝ કે વેચાણથી ખરીદવામાં રસ ધરાવનારાઓને તક અપાશે. કમિશનરે નવા વર્ષમાં આ મિલકતોમાંથી મહા નગરપાલિકાને આવક થાય તેવું આયોજન કર્યાનું જણાવ્યું છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

સરકારે માર્ગોને સુવિધાજનક બનાવવાની સાથોસાથ સલામત સફરના માધ્યમ બનાવવા પર પણ ગંભીરતા સાથે ધ્યાન આપવું પડશે

કોઈ પણ દેશના વિકાસમાં માર્ગોનાં માળખાંનો વિકાસ ચાવીરૂપ બની રહેતો હોય છે. સારા માર્ગોથી પરિવહન સરળ અને ઝડપી બની શકે છે, જેના લીધે ઈંધણ અને સમયની બચત સરવાળે દેશના વેપાર ઉદ્યોગમાં ભારે મદદરૂપ બને છે, પણઆધુનિક ભારતમાં સારા બનતા જતા માર્ગો આર્થિક ઉન્નતિની સાથે જીવલેણ અકસ્માતોના કારણ બની રહ્યાની ગમગીન કરે એવી હકીકત વધુ ને વધુ સ્પષ્ટ બની રહી છે. એક્સપ્રેસ વે હોય કે ફોર લેન હાઈવે હોય દેશના માર્ગોના વિસ્તરણના કામો ઝડપભેર હાથ ધરાઈ રહ્યા છે, તેવા સમયે આ માર્ગો પરના વાહન વ્યવહારને નિયંત્રિત કરીને સલામતી પર ધ્યાન આપવાની જરૂરત રોજબરોજ બનતા અકસ્માતો પરથી છતી થઈ રહી છે. આસામના કાજીરંગામાં મિની બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા કમકમાટીભર્યા અકસ્માતમાં વિદ્યાર્થીઓ સહિત ઓછામાં ઓછા ૨૩ જણનાં મોત થયાના બનાવે દેશભરમાં માર્ગ સલામતીની સ્થિતિ અંગે ચિંતા જગાવી છે. આમ તો દરેક રાજ્ય અને જિલ્લામાં રોજબરોજ બનતા માર્ગ અકસ્માતોમાં એકલદોકલ લોકોના જીવ જતા હોય છે. પણ કાઝીરંગા જેવા બનાવ સમયે માર્ગ સલામતીની ચિંતા સ્વાભાવિક રીતે ઊભી થતી હોય છે. કાઝીરંગાના અકસ્માતમાં જે મિની બસમાં મોત થયા તેની સામે અત્યાર સુધી ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનના ૧૨ મેમો અપાઈ ચુક્યા હતા. આવામાં સવાલ એ છે કે, સારા માર્ગો પર બેફામ દોડતાં વાહનો અને તેના ચાલકો સામે ટ્રફિકના નિયમોના પાલન માટે કોઈ નક્કર અને કાયમી વ્યવસ્થા નથી. સંસદમાં રજૂ કરાયેલા આંકડા ખરા અર્થમાં ભારે ભયંકર ચિત્ર ખડું કરે છે. વર્ષ ૨૦૨૫માં દેશમાં ૫,૧૩,૫૬૩ માર્ગ અકસ્માત પોલીસ ચોપડે નોંધાયા હતા, જેમાં ૧,૮૩,૩૮૨ જણનાં મોત થયાં હતાં. આમ સરેરાશ જોઈએ તો રોજ લગભગ ૫૦૦ લોકો માટે માર્ગો જીવલેણ બને છે. આ અકસ્માતોમાં લગભગ ૪.૭૧ લાખ લોકો ઘાયલ થયા હતા. એક તરફ દેશના વિકાસ માટે ચાવીરૂપ આવા સારા માર્ગો સિક્કાની બીજી કાળી બાજુમાં સામાજિક અને પારિવારિક આફત નોતરતા રહે છે. સૌ કોઈ જાણે છે કે, અકસ્માતોની પાછળનું મુખ્ય કારણ બેફામ ઝડપ હોય છે. સામે આવેલા આંકડા મુજબ દેશમાં થતા અકસ્માતોમાં ૭૦.૩ ટકામાં ઓવર સ્પીડિંગ કારણરૂપ હોય છે. દારૂ પીને વાહન ચલાવવા, રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ, હેલમેટ અને સીટબેલ્ટનો ઉપયોગ ન કરવા જેવા કારણો પણ અકસ્માત નોતરતા હોય છે. વળી માર્ગ અકસ્માતોમાં ૪૬.૨ ટકા કિસ્સામાં ટુ વ્હીલર વાહનોનો હિસ્સો હોય છે. આ આંકડા સતત વધી રહ્યા છે, જે ખરા અર્થમાં વધતા જતા જોખમ અંગે ચિંતા જગાવે છે. આ માટે નવા માર્ગો બાંધવા કે જૂનાને પહોળા કરવા તથા અકસ્માત સમયે વળતર આપવાના પગલાં માર્ગો પરના જોખમને હળવું કરે તેમ નથી. ખેરખર તો ટ્રફિકના નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરનારાના લાયસન્સ અને વાહનોની પરમીટ રદ્ કરવા અને વાહનોના ફિટનેસની સતત ચકાસણી કરવાપર ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. માર્ગો પર બેફામ વાહનોની સામે કેમેરા અને સ્પીડ ગન જેવા સાધનોની તૈનાતી વધારીને ચાલકો પર સતત નજર રાખવાના પગલાં લેવાવા જોઈએ. સરકારે માર્ગોને સુવિધાજનક બનાવવાની સાથોસાથ સલામત સફરના માધ્યમ બનાવવા પર પણ ગંભીરતા સાથે ધ્યાન આપવું જોઈએ.

વૈકુંઠ ચતુર્દશી... હરિ અને હરનું મિલન



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

કારતક સુદ ચૌદસને વૈકુંઠ ચતુર્દશી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસ ભગવાન વિષ્ણુ શ્રીહરિ અને ભગવાન શિવ (હર) બંનેની ઉપાસના માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ પર્વ બંને દેવતાઓ વચ્ચેના પરસ્પર આદરભક્તિ અને એકાત્મતાનો સંદેશ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર એક વખત ભગવાન વિષ્ણુ કાશીમાં ભગવાન શિવની ઉપાસના કરવા પહોંચ્યા, તેમણે ભગવાન શિવને એક હજાર કમળ અર્પણ કરીને પૂજા કરવાનો સંકલ્પ કર્યો, પૂજા દરમિયાન એક કમળ ઓછું પડ્યું, ભગવાન વિષ્ણુને કમળનયન તરીકે ઓળખવામાં આવે છે તેથી તેમણે પોતાની એક આંખ કમળના સ્થાને અર્પણ કરવાની તૈયારી કરી. ભગવાન વિષ્ણુની આ અનન્ય ભક્તિથી ભગવાન શિવ અત્યંત પ્રસન્ન થયા, તેમણે ભગવાન વિષ્ણુને આશીર્વાદ આપ્યા અને સુદર્શન ચક્ર અર્પણ કર્યું. આ પ્રસંગ ભગવાન વિષ્ણુની અડગ શ્રદ્ધાસમર્પણ અને ભક્તિનું પ્રતીક માનવામાં આવે છે. આ કથા આપણને સમજાવે છે કે સાચી ભક્તિમાં દેખાવ કે ઔપચારિકતા કરતાં ભાવશ્રદ્ધા અને સમર્પણનું મહત્ત્વ વધારે છે.

હરિહર એકાત્મતાનો આધ્યાત્મિક સંદેશ

હરિ એટલે ભગવાન વિષ્ણુ અને હર એટલે ભગવાન શિવ. વૈકુઠ ચતુર્દશી બંનેની સંયુક્ત આરાધનાનો દિવસ છે. આ પર્વ દ્વારા એવો ભાવ વ્યક્ત થાય છે કે પરમાત્માના જુદા જુદા સ્વરૂપો વચ્ચે ભેદભાવ રાખવાને બદલે તેમની અંદર રહેલી એક જ દિવ્ય ચેતનાને ઓળખવી જોઈએ. આ દિવસનો આધ્યાત્મિક સંદેશ એવો છે કે ધર્મમાં સંકુચિતતા નહીં પરંતુ વિશાળતા હોવી જોઈએ. ઉપાસનાના માર્ગો જુદા હોઈ શકે, દેવતાઓનાં સ્વરૂપો જુદાં હોઈ શકે પરંતુ અંતિમ આધ્યાત્મિક ધ્યેય આત્મકલ્યાણ અને પરમાત્મા સાથેનું જોડાણ જ છે.

કાશી અને મણિકર્ણિકા સ્નાનનું મહત્ત્વ

કાશી એટલે વારાણસી: જેને મોક્ષની નગરી તરીકે ઓળખવામાં આવે છે. વૈકુંઠ ચતુર્દશીના દિવસે કાશીમાં મણિકર્ણિકા ઘાટ પર સ્નાન અને ભગવાન શિવવિષ્ણુની આરાધનાની વિશેષ પરંપરા જોવા મળે છે. આ દિવસની ધાર્મિક પરંપરામાં પવિત્ર નદીમાં સ્નાન, દીપદાન, જપ, પૂજા અને રાત્રિ ઉપાસનાને મહત્ત્વ આપવામાં આવે છે. કાશીમાં આ પર્વ હરિ અને હર બંનેના મિલનના ભાવ સાથે ઉજવાય છે.

આજના દિવસમાંથી જીવન માટે મળતી શીખ જોઈએ. ભક્તિમાં સમર્પણ હોવું જોઈએ ભગવાન વિષ્ણુની કમળના સ્થાને પોતાની આંખ અર્પણ કરવાની ભાવના નિષ્ઠાનું પ્રતીક છે. ધર્મમાં ભેદભાવ નહીં એકતા હોવી જોઈએ હરિ અને હરનો સંદેશ પરસ્પર આદર અને એકાત્મતાનો છે, અહંકાર છોડીને વિનમ્રતા અપનાવવી જોઈએ સાચી ઉપાસના માણસને નમ્ર બનાવે છે, બાહ્ય પૂજા સાથે આંતરિક શુદ્ધિ જરૂરી છે મનમાં દયા, પ્રેમ, ક્ષમા અને સદ્‌ભાવ જાગે ત્યારે પૂજા જીવનમાં ઉતરે છે.

પરમાત્માનાં અનેક સ્વરૂપોમાં એક જ ચેતનાને ઓળખવી આ ભાવ માણસને સંકુચિત માન્યતાઓથી ઉપર ઉઠાવી વિશાળ આધ્યાત્મિક દ્રષ્ટિ આપે છે. ભગવાન



સુધી પહોંચવાના માર્ગ ભલે જુદા હોય પરંતુ સાચી શ્રદ્ધા, નિષ્ઠા, પ્રેમ અને સમર્પણ દરેક માર્ગને પવિત્ર બનાવે છે. જ્યાં ભેદભાવ ઓગળી જાય અને એકાત્મતાનો ભાવ જાગે ત્યાં જ સાચી આધ્યાત્મિકતા પ્રગટ થાય છે. આ દિવસને વૈકુંઠ ચતુર્દશી હરિહર એકાત્મતાભક્તિ અને સમર્પણનો પવિત્ર દિવસ તરીકે આજના દિન વિશેષમાં સ્થાન આપી શકાય.

કન્યા દાન, દીકરીની સ્નેહભીની વિદાય જવું નહીં, ઘર વધારવું..!



લેખક
સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)
ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત
મો. ૯૪૨૭૮ ૩૧૨૧૩.

દેવ ઊઠી એકાદશી પછી ભગવાન જાગે છે અને લગ્નસરાની મૌસમ પૂર બહાર અને પૂર જોશમાં ખીલી ઉઠે છે. ચારેબાજુ મંડપ, શરણાઈ, મહેંદી, સંગીત, ફટાકડા. પણ આ બધા ઉત્સવ વચ્ચે એક એવી ક્ષણ આવે છે, જ્યાં બધો અવાજ શાંત થઈ જાય છે. એ ક્ષણનું નામ છે વિદાય.

લોકોએ વિદાયને રડવાનો પ્રસંગ બનાવી દીધો છે. પણ જો ઊંડાણથી જોઈએ તો વિદાય એ રડવાનો નહીં, સમજવાનો પ્રસંગ છે. વિદાયમાં જે રડે છે, એ દીકરીને જતી નથી જોતો, એ પોતાની અંદર ખાલી થતી જગ્યા જુએ છે.

૧. દીકરી જતી નથી, ઘર વધે છે

આપણે કહીએ છીએ દીકરી સાસરે ગઈ. પણ વિચારો, દીકરી ગઈ ક્યાં? એ તો એક ઘરમાંથી બીજા ઘરમાં ગઈ. પિયરમાં એનો ઓરડો રહ્યો, એની ખુરશી રહી, એનું નામ રહ્યું. સાસરામાં એનું નવું નામ થયું, નવો ઓરડો થયો, નવી જવાબદારી થઈ. એટલે દીકરી ગઈ નહીં, દીકરી વધી ગઈ. પહેલા એ એક ઘરની હતી, હવે એ બે ઘરની થઈ ગઈ.

દીકરી એ પુલ છે. પિયર અને સાસરું બે કિનારા. જો દીકરી ન હોય તો બે પરિવાર વચ્ચે કોઈ પુલ જ ન હોય. એ પુલ પરથી જ પ્રેમ આવે જાય છે. એટલે વિદાય એટલે પુલનું ઉદ્‌ઘાટન. એ દિવસથી બે પરિવાર એક થાય છે.

૨. પિતા દીકરીનેનથી આપતો, દીકરી પિતાને આપે છે. લગ્નમાં કહેવાય છે કન્યાદાન. પણ કોઈ વિચારે છે ખરું કે દાન કોણે કોને આપ્યું? પિતા દીકરીનું દાન કરે છે એમ કહેવાય છે. પણ સાચું એ છે કે દીકરી પિતાને દાનમાં એક નવી ઓળખ આપી જાય છે. લગ્ન પહેલા એ માણસ ફક્ત એક માણસ હતો. દીકરીની વિદાય પછી એ સસરા બને છે, દાદા બનવાની રાહ જુએ છે, બે પરિવારનો વડીલ બને છે. દીકરી જાય છે ત્યારે પિતાને ખબર પડે છે કે વીસ વર્ષ એણે દીકરીને સાચવી નથી, દીકરીએ એને સાચવ્યો છે. એના સવારના ચાના-સ્તાથી લઈને સાંજના પપ્પા આવી ગયા? એ અવાજ સુધી બધું દીકરી જ હતી.

પિતા વિદાય વખતે દીકરીનો હાથ જમાઈના હાથમાં મૂકે છે. લોકો એને હાથ સોંપવો કહે છે. પણ ખરેખર પિતા પોતાનું હૃદય સોંપે છે. હાથ તો છૂટી જાય, હૃદય ક્યારેય છૂટતું નથી.

૩. માંનું રડવું એ દુઃખ નથી, એ વરસાદ છે

માં વિદાય વખતે સૌથી વધુ રડે છે. પણ માંનું રડવું એ દુઃખનું રડવું નથી. એ તો એવી રીતે છે જેમ ચોમાસામાં વાદળ ભરાઈ જાય અને વરસ્યા વગર રહી ન શકે. માંએ દીકરીને પેટમાં નવ મહિના રાખી, પછી વીસ વર્ષ હૃદયમાં રાખી. હવે એ દીકરી બીજા ઘરે જાય છે, એટલે માંનું હૃદય હળવું થતું નથી, ભરાઈ જાય છે.

માં દીકરીને કહેતી નથી કે રડ નહીં. માં કહે છે રડી લે, પણ હસતા હસતા જજે. કારણ કે તારું હસવું એ જ મારી તાકાત છે. તું સાસરે રડીશ તો અહીં મારી આંખ પણ ભીની રહેશે. તું સાસરે હસીશ તો અહીં મારું ઘર પણ હસતું રહેશે.

૪. દીકરીને એક જ વાત કહેવાની છે

દીકરીને વિદાય વખતે શિખામણ આપવાની જરૂર નથી. એને તો એક જ વાત કહેવાની છે બેટા, તું સાસરે જાય છે એટલે તું પારકી નથી થતી. તું પિયર છોડે છે એટલે તું તૂટતી નથી. તું તો એક વૃક્ષમાંથી બીજા વૃક્ષ સુધી ફેલાતી વેલ છો. જ્યાં જઈશ ત્યાં ફૂલ ખીલવજે. પણ યાદ રાખજે, તારું મૂળ અહીં જ છે. તું જ્યારે થાકી જાય, ત્યારે પાછી આવજે. આ ઘરનો દરવાજો તારા માટે ક્યારેય બંધ નહીં થાય. આ ઘરમાં તારી જગ્યા કોઈ લઈ શકશે નહીં.

અને એક વાત વધુ સાસરામાં જઈને માત્ર સારી વહુ બનવાનો પ્રયત્ન ન કરતી, સારી દીકરી બનજે. વહુ બનીશ તો લોકો તારી ભૂલ શોધશે, દીકરી બનીશ તો લોકો તારી ભૂલ ભૂલી જશે.

૫. સાસરિયાને એક જ વાત કહેવાની છે

સાસરિયાને પણ વિદાય વખતે એક જ વાત કહેવાની છે તમને વહુ નથી મળી, તમને દીકરી મળી છે. વહુને સાચવવી પડે, દીકરીને પ્રેમ કરવો પડે. જે ઘરમાં દીકરીને વહુ સમજવામાં આવે છે, એ ઘરમાં હિસાબ ચાલે છે. જે ઘરમાં વહુને દીકરી સમજવામાં આવે છે, એ ઘરમાં પ્રેમ ચાલે છે. હિસાબમાં ઘર તૂટે છે, પ્રેમમાં ઘર જોડાય છે.

જે સાસુ પોતાની વહુમાં પોતાની દીકરી જોઈ લે છે, એ સાસુ ક્યારેય સાસુ રહેતી નથી, એ માં બની જાય છે અને જે સસરા વહુને દીકરી કહીને બોલાવે છે, એ ઘરમાં ક્યારેય ઝઘડો થતો નથી.

૬. વિદાય એ અંત નથી, વિસ્તરણ છે

અંતે એક જ સત્ય વિદાય એ અંત નથી. વિદાય એ દીકરીના જીવનનો નવો પ્રારંભ છે. દીકરી જાય છે, પણ એની ગંધ, એનો અવાજ, એની યાદ એ ક્યારેય આ ઘર છોડતી નથી. એનો ઓરડો ખાલી થાય છે, પણ એની યાદોથી ભરાઈ જાય છે.

દીકરી જ્યારે પહેલી વાર પિયર પાછી આવે છે, ત્યારે એ મહેમાન બનીને નથી આવતી, એ માલકણ બનીને આવે છે. એને જોઈને પિતાની આંખ ચમકે છે, માંનું મોઢું ખીલે છે. ત્યારે ખબર પડે છે કે વિદાયથી દીકરી દૂર નથી ગઈ, એ વધુ નજીક આવી ગઈ. એટલે આ લગ્નસરામાં જ્યારે પણ કોઈ દીકરીની વિદાય થાય, ત્યારે રડશો નહીં. હસતા હસતા કહેજો બેટા, તું જાય છે નહીં, તું અમારા ઘરને મોટું કરીને જાય છે. તું એક ઘરની દીકરી હતી, હવે બે ઘરની લક્ષ્મી છે. જા, તારું નવું ઘર પણ તારા હસવાથી હસતું રહે.! બેટી લક્ષ્મીની સ્નેહભીની વિદાય! ખુશ સુખી રહેજે! શુભેચ્છાસહ આશીર્વાદ! કન્યા દાન મહાદાન!

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની અદમ્ય શૂરવીરતા દેશભક્તિ અને બલિદાનની પ્રતીક, વીરાંગના ઝલકારીબાઈનું જીવનચરિત્ર

ભારતના ઈતિહાસમાં ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ એક એવી ક્રાંતિ હતી જેણે અંગ્રેજી શાસન સામે દેશભક્તિ સ્વાભિમાન અને સ્વતંત્રતાની જયોત પ્રગટાવી હતી. આ સંગ્રામમાં અનેક રાજાઓ સૈનિકો, ક્રાંતિકારીઓ અને સામાન્ય નાગરિકોએ પોતાનું જીવન દેશ માટે સમર્પિત કર્યું હતું. આ મહાન સંઘર્ષમાં પુરૂષોની સાથે અનેક મહિલાઓએ પણ અદભૂત સાહસશૌર્ય અને બલિદાનની ભાવના દર્શાવી હતી. આવી જ એક અજોડ વીરાંગના હતી ઝલકારીબાઈ, જેમનું નામ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સાથે જોડાયેલા ૧૮૫૭ના સંઘર્ષમાં વિશેષ સ્મરણ કરવામાં આવે છે. ઝલકારીબાઈનું જીવન માત્ર એક વીરાંગનાની કથા નથી પરંતુ સામાન્ય પરિવારમાં જન્મેલી એક સ્ત્રી અસાધારણ હિંમત આત્મવિશ્વાસ અને દેશપ્રેમથી ઈતિહાસમાં પોતાનું સ્થાન કેવી રીતે બનાવી શકે તેનું પ્રેરણાદાયી ઉદાહરણ છે.

જન્મ અને બાળપણ

ઝલકારીબાઈનો જન્મ ઈ.સ.૧૮૩૦માં ઉત્તર ભારતના ઝાંસી નજીકના પ્રદેશમાં એક સામાન્ય પરિવારમાં થયો હોવાનું લોકપ્રચલિત જીવનચરિત્રોમાં જણાવવામાં આવે છે, તેમના પિતાનું નામ સદોવા કે મૂળચંદ કોરી હતું, તેમનો પરિવાર સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતો હતો, બાળપણથી જ ઝલકારીબાઈ નિર્ભય, સ્વાભિમાની, મહેનતુ અને સાહસિક સ્વભાવનાં હતાં. તે સમયના સમાજમાં મહિલાઓને શિક્ષણ અને સૈન્ય તાલીમની બહુ ઓછી તક મળતી હતી તેમ છતાં ઝલકારીબાઈને બાળપણથી જ ઘોડેસવારી, શસ્ત્રોનો ઉપયોગ, જંગલમાં જીવન જીવવાની કળા અને સ્વરક્ષણ જેવી બાબતોમાં રસ હતો. તેમના જીવન સાથે જોડાયેલી લોકકથાઓમાં બાળપણમાં જ તેમણે જંગલી પ્રાણીઓનો સામનો કર્યો હતો અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ડર્યા વગર હિંમતપૂર્વક કાર્ય કર્યું હતું તેવા પ્રસંગો વર્ણવવામાં આવે છે. આવા પ્રસંગોએ તેમના વ્યક્તિત્વમાં નિર્ભયતા આત્મવિશ્વાસ અને સંકટ સમયે નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ કર્યો હતો.

લગ્નજીવન અને ઝાંસીના સૈન્ય સાથે જોડાણ

ઝલકારીબાઈના લગ્ન પૂરણસિંહ સાથે થયાં હતાં.પૂરણસિંહ ઝાંસીના સૈન્ય સાથે જોડાયેલા હતા. પતિના સૈન્યજીવન અને ઝાંસીના રાજકીય વાતાવરણને કારણે ઝલકારીબાઈને પણ શસ્ત્રો સૈન્ય વ્યવસ્થા અને યુદ્ધની પરિસ્થિતિઓ અંગે જાણકારી મળતી ગઈ. ઝલકારીબાઈની બહાદુરી શારીરિક ક્ષમતા અને યુદ્ધકૌશલ્યને ધ્યાનમાં લઈને તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના મહિલા સૈન્યદળમાં જોડાયા હતાં એવું કહેવાય છે. મહિલા સૈન્યદળમાં જોડાયા પછી તેમણે શસ્ત્રાચાલન, ઘોડેસવારી, સૈન્ય શિસ્ત અને યુદ્ધની તાલીમ મેળવી. તેમની નિષ્ઠા અને સાહસને કારણે તેઓ ધીમે ધીમે મહિલા સૈનિકોમાં એક આગવી ઓળખ ધરાવતી બહાદુર યોદ્ધા બની ગયાં.

૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ઝાંસી પર અંગ્રેજોનો હુમલો

ઈ.સ.૧૮૫૭માં અંગ્રેજો સામે દેશના અનેક વિસ્તારોમાં બળવો ફાટી નીકળ્યો હતો. અંગ્રેજોની અન્યાયી નીતિઓ, રાજ્યોનું વિલય, ભારતીય સૈનિકો પ્રત્યેનો ભેદભાવ અને ધાર્મિક સામાજિક



અસંતોષના કારણે જનમાનસમાં ભારે રોષ હતો, ઝાંસી પણ આ ક્રાંતિનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બન્યું હતું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજોના શાસન સામે લડવાનો નિર્ધાર કર્યો હતો, અંગ્રેજ સેનાએ ઝાંસીના કિલ્લાને ઘેરી લીધો, શહેર અને કિલ્લાની અંદર ભયંકર યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ, રાણી લક્ષ્મીબાઈ પોતાની સેના સાથે અડગ રહીને અંગ્રેજોનો સામનો કરી રહી હતી. આ સંકટના સમયે ઝલકારીબાઈની બહાદુરીની કથા વિશેષ પ્રચલિત બની છે. રાણી લક્ષ્મીબાઈને બચાવવા પોતાનું જીવન જોખમમાં મૂક્યું

ઝલકારીબાઈ અને રાણી લક્ષ્મીબાઈના ચહેરા તથા શરીરની રચનામાં સામ્યતા હતી. આ સામ્યતાનો લાભ લઈને એક સાહસિક યોજના બનાવવામાં આવી. જ્યારે અંગ્રેજો ઝાંસીના કિલ્લા પર અંતિમ હુમલો કરી રહ્યા હતા અને રાણી લક્ષ્મીબાઈ માટે ત્યાંથી સુરક્ષિત નીકળવું મુશ્કેલ બન્યું હતું ત્યારે ઝલકારીબાઈએ રાણીના વેશમાં અંગ્રેજ સૈન્યને ભ્રમિત કરવાનો નિર્ણય કર્યો હતો, તેમણે રાણી જેવો વેશ ધારણ કર્યો, શસ્ત્રો હાથમાં લીધાં અને અંગ્રેજો સામે મોરચો સંભાળ્યો. અંગ્રેજ સૈનિકો તેમને જ રાણી લક્ષ્મીબાઈ સમજીને તેમની પાછળ પડ્યા. આ દરમિયાન રાણી લક્ષ્મીબાઈને કિલ્લામાંથી બહાર નીકળવાની તક મળી અને તેઓ આગળના સંઘર્ષ માટે સુરક્ષિત સ્થળે પહોંચી શક્યાં હતાં. ઝલકારીબાઈનું આ સાહસ માત્ર યુદ્ધની યક્તિ નહોતું પરંતુ પોતાના દેશ પોતાની રાણી અને સ્વતંત્રતાના ધ્યેય માટે જીવ જોખમમાં મૂકવાની અદમ્ય ભાવનાનું પ્રતીક હતું.

યુદ્ધભૂમિમાં અદમ્ય શૌર્ય

ઝલકારીબાઈના જીવન સાથે જોડાયેલી કથાઓમાં વર્ણવવામાં આવે છે કે તેઓ યુદ્ધભૂમિમાં અત્યંત નિર્ભયતાથી લડ્યાં હતાં, તેમના હાથમાં શસ્ત્ર હોય ત્યારે તેઓ દુશ્મન સામે અડગ ઊભાં રહેતાં, તેમની અંદર દેશપ્રેમની એવી જવાળા હતી કે અંગ્રેજ સૈનિકોની સંખ્યા કે તેમની શક્તિથી તેઓ ભયભીત થતાં નહોતાં. તેમની બહાદુરીએ મહિલા સૈનિકોમાં પણ નવી શક્તિ અને ઉત્સાહ જગાવ્યો હતો, તેમણે સાબિત કર્યું કે શૌર્યસાહસ અને દેશપ્રેમ કોઈ એક જાતિવર્ગ કે લિંગની મિલકત નથી. આત્મબળ ધરાવતી વ્યક્તિ મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ અડગ રહી શકે છે. તેમના પતિ પૂરણસિંહ પણ ઝાંસીના સૈન્યમાં જોડાયેલા હતા અને યુદ્ધ દરમિયાન શહીદ થયા હતા. પતિના બલિદાન અને યુદ્ધની ભયાનક પરિસ્થિતિ છતાં ઝલકારીબાઈએ હિંમત ગુમાવી નહીં, તેમના જીવનની આ કથા કર્તવ્યનિષ્ઠા અને દેશપ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહે છે.

ઝલકારીબાઈનું વ્યક્તિત્વ: હિંમત સ્વાભિમાન અને કર્તવ્ય

ઝલકારીબાઈના જીવનમાંથી અનેક ગુણો શીખવા મળે છે. નિર્ભયતાભય સામે ઝૂકી જવાને બદલે તેનો સામનો કરવો એ તેમની વિશેષતા હતી. સંકટ સમયે હિંમત જ સાચી શક્તિ બની શકે છે, કર્તવ્યનિષ્ઠા તેમણે પોતાના કર્તવ્યને વ્યક્તિગત સુખ અને સલામતી કરતાં વધારે મહત્ત્વ આપ્યું. દેશ અને સમાજ માટેની જવાબદારીને તેમણે જીવનનો ધર્મ માન્યો, સ્વાભિમાન ગરીબ પરિવારમાં જન્મ હોવા છતાં તેમણે પોતાની ક્ષમતાથી એક આગવી ઓળખ ઊભી કરી. સામાજિક પરિસ્થિતિઓ તેમની હિંમતને દબાવી શકી નહીં, સ્ત્રીશક્તિનું પ્રતીક તેમણે દર્શાવ્યું કે મહિલાઓ માત્ર પરિવારની જવાબદારી નિભાવનાર જ નહીં પરંતુ સમાજદેશ અને ઈતિહાસનું નેતૃત્વ કરનાર પણ બની શકે છે, ત્યાગ અને બલિદાન પોતાનાથી મોટું ધ્યેય હોય ત્યારે વ્યક્તિ પોતાના હિતનો ત્યાગ કરી શકે છે. ઝલકારીબાઈની કથા આ ભાવનાને જીવંત કરે છે.

ઝલકારીબાઈની શૌર્યગાથા ભારતીય લોકસ્મૃતિ, લોકગીતો, જીવનચરિત્રો, નાટકો અને સાહિત્યમાં ખૂબ પ્રચલિત છે, તેમના જીવનના કેટલાક પ્રસંગો ખાસ કરીને રાણી લક્ષ્મીબાઈનો વેશ ધારણ કરીને અંગ્રેજ સેનાને ભ્રમિત કરવાનો પ્રસંગ, લોકપ્રચલિત વર્ણનોમાં વિશેષ સ્થાન ધરાવે છે.

ઈતિહાસમાં ઝલકારીબાઈનું સ્થાન અને વારસો

ઘણાં સમય સુધી ભારતના ઈતિહાસમાં રાજાઓ સેનાપતિઓ અને મોટા રાજકીય નેતાઓનાં નામો વધારે પ્રચલિત રહ્યાં, જ્યારે સામાન્ય પરિવારોમાંથી ઊભા થયેલા અનેક ક્રાંતિકારીઓનું યોગદાન ઓછું પ્રકાશમાં આવ્યું. ઝલકારીબાઈ જેવી વીરાંગનાઓની યાદ આજે ખાસ કરીને સામાજિક સમાનતા મહિલા સશક્તિકરણ અને વંચિત સમાજોના ઐતિહાસિક યોગદાનને ઓળખ આપવાના પ્રયાસોમાં મહત્ત્વપૂર્ણ બની છે. તેમના જીવન પરથી પ્રેરણા લઈને અનેક કવિઓએ કાવ્યો રચ્યાં, લેખકોએ જીવનચરિત્રો લખ્યાં, નાટકો ભજવ્યાં અને લોકગીતો દ્વારા તેમની શૌર્યગાથાને લોકો સુધી પહોંચાડી, તેમના નામે સ્મારકો પ્રતિમાઓ અને સન્માનના કાર્યક્રમો પણ યોજાય છે. ભારત સરકારે પણ ઝલકારીબાઈને યાદ કરીને ટપાલ ટિકિટ બહાર પાડી હતી, જે તેમની રાષ્ટ્રીય સ્મૃતિમાં સ્થાન મેળવવાનું એક પ્રતીક છે. ઝલકારીબાઈનું સ્મરણ એ માત્ર એક વીરાંગનાને શ્રદ્ધાંજલિ આપવાનું નથી પરંતુ ઈતિહાસમાં ભૂલી ગયેલા સામાન્ય લોકોના યોગદાનને માન આપવાનું પણ છે. દેશના સ્વાતંત્ર્ય માટે કોઈ રાજમહેલમાં જન્મેલું હોવું જરૂરી નથી, દેશપ્રેમ તો સામાન્ય ઝૂંપડીમાં પણ જન્મ લઈ શકે છે.

વીરાંગના ઝલકારીબાઈનું જીવન આપણને શીખવે છે કે હિંમત, નિષ્ઠા, સ્વાભિમાન અને દેશપ્રેમથી વ્યક્તિ અસાધારણ બની શકે છે, તેમની શૌર્યગાથા આપણને યાદ અપાવે છે કે સ્વતંત્રતા કોઈ એક વ્યક્તિની ભેટ નથી પરંતુ અસંખ્ય જાણીતા અને અજાણ્યા બલિદાનોનું પરિણામ છે. ઝલકારીબાઈએ પોતાના સાહસ અને ત્યાગ દ્વારા મહિલા શક્તિનું ગૌરવ વધાર્યું. તેમણે સંદેશ આપ્યો કે દેશ સમાજ અને ન્યાય માટે ઊભા રહેવાની શક્તિ દરેક વ્યક્તિમાં રહેલી છે, જરૂર છે માત્ર પોતાના અંતરમાં રહેલા સાહસને જાગૃત કરવાની. આજે જ્યારે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈએ છીએ ત્યારે ઝલકારીબાઈ જેવી વીરાંગનાઓને યાદ કરીને તેમના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ, તેમનો સંઘર્ષ આપણને શીખવે છે કે મુશ્કેલીઓ સામે હાર માનવી નહીં, અન્યાય સામે મૌન રહેવું નહીં અને પોતાના કર્તવ્યથી ક્યારેય પાછા હટવું નહીં. વીરાંગના ઝલકારીબાઈનું નામ ભારતીય ઈતિહાસમાં હિંમત, સ્વાભિમાન, મહિલા શક્તિ અને દેશભક્તિના પ્રતીક તરીકે હંમેશાં પ્રેરણાદાયી બની રહેશે.

આલેખન: વિનોદભાઈ માછી નિરંકારી

સ્પોર્ટ્સ ન્યુઝ

વેલિંગ્ટન ટેસ્ટ બની રોમાંચક

ભારત જીતથી આઠ વિકેટ દૂર, ન્યૂઝીલેન્ડે ડ્રો માટે શરૂ કર્યો સંઘર્ષ

ભારતે પ્રથમ દાવમાં ૭૨૦ રન બનાવી ઇનિંગ્સ ડિક્લેર કરી હતી; ચોથા દિવસના અંતે ન્યૂઝીલેન્ડ ૧૧૯/૨

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૨૨ : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચ રોમાંચક વળાંક પર પહોંચી છે. ચોથા દિવસની રમતના અંતે ન્યૂઝીલેન્ડે પોતાના બીજા દાવમાં બે વિકેટ ગુમાવી ૧૧૯ રન બનાવી લીધા છે. ભારતે પ્રથમ દાવમાં ૭૨૦ રનનો વિશાળ સ્કોર નોંધાવી ૩૫૨ રનની લીડ મેળવી હતી. હવે અંતિમ દિવસે ભારતીય ટીમની નજર બાકીની આઠ વિકેટ ઝડપીને જીત મેળવવા પર રહેશે, જ્યારે યજમાન ન્યૂઝીલેન્ડની ટીમ મેચ ડ્રો કરાવવા માટે મેદાનમાં ઉતરશે.

ચોથા દિવસે ભારતીય બેટરોએ શાનદાર બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. ટીમ ઈન્ડિયાએ ૧૬૬ ઓવરમાં નવ વિકેટના નુકસાન પર ૭૨૦ રન બનાવી પ્રથમ દાવ ડિક્લેર કર્યો હતો. આ ન્યૂઝીલેન્ડની ધરતી પર ટેસ્ટ ક્રિકેટનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે.

ભારત તરફથી કેએલ રાહુલે ૧૩૬ રનની શાનદાર ઇનિંગ રમી હતી, જ્યારે રિષભ પંતે ૧૨૮ રન ફટકાર્યા હતા. યશસ્વી જયસ્વાલે ૮૫, દેવદત્ત પડિક્કલે ૮૦, ધ્રુવ જુરેલે ૭૮ અને કેપ્ટન શુભમન ગિલે ૯૮ રનનું યોગદાન આપ્યું હતું. આ બેટિંગના જોરે ભારતે ન્યૂઝીલેન્ડ સામે ૩૫૨ રનની મજબૂત લીડ મેળવી હતી.

૩૫૨ રનના વિશાળ ખાડાને સરભર કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમે બીજા દાવમાં સંભાળીને બેટિંગ કરી હતી. જોકે, ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહે ટોમ લાથમને ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન મોકલી ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ પ્રસિદ્ધ કૃષ્ણાએ હેનરી નિકોલ્સને ૩૧ રને આઉટ કર્યો હતો.

જોકે, ડેવોન કોનવે અને રચિન રવીન્દ્રએ ભારતીય બોલરો સામે મક્કમતાથી બેટિંગ કરી હતી. બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે અણનમ ૫૯ રનની ભાગીદારી થઈ હતી. દિવસની રમત પૂરી થઈ ત્યારે કોનવે ૫૯ રન અને રચિન રવીન્દ્ર ૨૭ રન બનાવી ક્રિઝ પર અણનમ હતા. ન્યૂઝીલેન્ડનો સ્કોર ૪૫ ઓવરમાં ૧૧૯/૨ રહ્યો હતો.

ભારતીય વિકેટકીપર બેટર રિષભ પંતે પોતાની આક્રમક બેટિંગથી ફરી એકવાર ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે ૧૨૮ રનની યાદગાર ઇનિંગમાં છ ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. આ તેની ટેસ્ટ કારકિર્દીની નવમી સદી હતી. આ સાથે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા બેટરોની યાદીમાં પંત ૧૦૮ છગ્ગા સાથે બીજા ક્રમે પહોંચી ગયો છે. આ યાદીમાં ઇંગ્લેન્ડનો બેન સ્ટોક્સ ૧૩૮ છગ્ગા સાથે પ્રથમ સ્થાને છે.

હવે મેચનો આખરી અને નિર્ણાયક દિવસ બાકી છે. ન્યૂઝીલેન્ડને મેચ બચાવવા માટે શક્ય તેટલી વધુ ઓવર બેટિંગ કરવી પડશે. ભારતની સામે જીત મેળવવા માટે બાકીની આઠ વિકેટ ઝડપવાનો પડકાર છે. ન્યૂઝીલેન્ડ હજુ ૨૩૩ રન પાછળ હોવાથી ભારતીય બોલરો શરૂઆતમાં જ વિકેટો ઝડપે તો મેચ ભારતના પક્ષમાં આવી શકે છે.

બીજી તરફ, કોનવે અને રચિન રવીન્દ્રની ભાગીદારી ન્યૂઝીલેન્ડ માટે આશાનું કિરણ બની છે. હવે જોવાનું એ રહેશે કે ભારતીય બોલરો ન્યૂઝીલેન્ડની બેટિંગ લાઇનઅપને તોડી જીત અપાવે છે કે પછી યજમાન ટીમ આખો દિવસ ટકી રહી મેચ ડ્રો કરાવવામાં સફળ થાય છે.

૪૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, ત્રણ મોટી સિદ્ધિ મેળવી

રિષભ પંતે ન્યૂઝીલેન્ડમાં સદી ફટકારી રચ્યો ઇતિહાસ

ન્યૂઝીલેન્ડની ધરતી પર સદી ફટકારનાર પ્રથમ ભારતીય વિકેટકીપર બન્યો, સૈયદ કિરમાણીનો જૂનો રેકોર્ડ તોડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વેલિંગ્ટન, તા.૨૨ : ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત ફરી એકવાર પોતાની આક્રમક બેટિંગને કારણે ચર્ચામાં આવ્યો છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વેલિંગ્ટન ટેસ્ટમાં પંતે શાનદાર સદી ફટકારીને એકસાથે અનેક ઐતિહાસિક સિદ્ધિઓ પોતાના નામે કરી છે.

ચોથા દિવસે તેણે ૧૨૮ રનની યાદગાર ઇનિંગ રમી હતી. આ દરમિયાન તેણે માત્ર સદી જ ફટકારી નહોતી, પરંતુ ન્યૂઝીલેન્ડની ધરતી પર ભારતીય વિકેટકીપર તરીકે સૌથી મોટી ટેસ્ટ ઇનિંગ રમવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો.

રિષભ પંતે વેલિંગ્ટન ટેસ્ટમાં પોતાની ટેસ્ટ કારકિર્દીની નવમી સદી પૂરી કરી હતી. તેણે છગ્ગો ફટકારીને સદી પૂરી કરતાં મેદાનમાં હાજર દર્શકોને રોમાંચિત કરી દીધા હતા. આ સાથે જ તે ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ સદી ફટકારનાર પ્રથમ ભારતીય વિકેટકીપર બેટ્સમેન બની ગયો છે. પંતે પોતાની ૧૨૮ રનની ઇનિંગ સાથે ભારતીય વિકેટકીપર તરીકે ન્યૂઝીલેન્ડમાં સૌથી વધુ ટેસ્ટ રન બનાવવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો. આ પહેલાં આ રેકોર્ડ પૂર્વ ભારતીય વિકેટકીપર સૈયદ કિરમાણીના નામે હતો. તેમણે વર્ષ ૧૯૮૧માં વેલિંગ્ટન ખાતે અણનમ ૮૦ રનની ઇનિંગ રમી હતી. પંતે ૧૨૮ રન બનાવીને ૪૫ વર્ષ જૂનો આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

ટેસ્ટ ક્રિકેટમાં વિકેટકીપર બેટ્સમેન તરીકે સૌથી વધુ સદી ફટકારવાના મામલે પણ પંતે મોટી છલાંગ લગાવી છે. તેની નવ ટેસ્ટ સદી સાથે તે આ યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના એડમ ગિલક્રિસ્ટ ૧૭ સદી સાથે પ્રથમ અને ઝિમ્બાબ્વેના એન્ડી ફ્લાવર ૧૨ સદી સાથે બીજા સ્થાને છે. પંતની આ સિદ્ધિઓમાં સૌથી ખાસ બાબત એ છે કે તેણે ચારેય SENA દેશોમાં ટેસ્ટ સદી ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. SENA એટલે દક્ષિણ આફ્રિકા, ઇંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા. આ ચારેય દેશોમાં ટેસ્ટ સદી ફટકારનાર પંત વિશ્વનો માત્ર ત્રીજો વિકેટકીપર બેટ્સમેન બન્યો છે. તેના પહેલાં ઓસ્ટ્રેલિયાના એડમ ગિલક્રિસ્ટ અને ઇંગ્લેન્ડના જોની બેરસ્ટોએ આ સિદ્ધિ મેળવી હતી. આ ઉપરાંત ચારેય SENA દેશોમાં ટેસ્ટ સદી ફટકારનાર તે છઠ્ઠો ભારતીય બેટ્સમેન પણ બન્યો છે.

પંતે પોતાની જાણીતી આક્રમક શૈલીમાં બેટિંગ કરતાં ૧૨૮ રન બનાવ્યા હતા. ઇનિંગ્સની ૧૪૭મી ઓવરમાં તેણે ચોગ્ગો અને ત્યારબાદ લોંગ ઓફ ઉપરથી છગ્ગો ફટકારીને સદી પૂરી કરી હતી. તેની આ ઇનિંગે ભારતીય ટીમને વિશાળ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

રિષભ પંતની આ ઐતિહાસિક ઇનિંગથી ફરી સાબિત થયું છે કે તે માત્ર વિકેટકીપર જ નહીં, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાં મેચનું પાસું પલટી નાખવાની ક્ષમતા ધરાવતો વિશેષ બેટ્સમેન પણ છે.

T20 ડેબ્યૂમાં જ જમશેદ આલમે તરખાટ મચાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઇન્દોર, તા.૨૨ : ભારતીય ઘરેલુ ક્રિકેટની પ્રતિષ્ઠિત સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૬-૨૭માં રેલવેના યુવા ફાસ્ટ બોલર જમશેદ આલમે પોતાની ટી-૨૦ ડેબ્યૂ મેચમાં જ શાનદાર પ્રદર્શન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. ઇન્દોરના ડેલી કોલેજ ગ્રાઉન્ડ ખાતે સૌરાષ્ટ્ર સામે રમાયેલી મુકાબલામાં ૨૩ વર્ષીય આ બોલરે પોતાની પ્રથમ ઓવરના સતત ચાર બોલમાં ચાર વિકેટ ઝડપીને અનોખી સિદ્ધિ મેળવી હતી. સમગ્ર મેચમાં પાંચ વિકેટ ઝડપીને તેણે રેલવેની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

જમશેદ આલમે પોતાની પ્રથમ ઓવરમાં માત્ર ચાર રન આપીને સૌરાષ્ટ્રના ચાર બેટ્સમેનોને સતત ચાર બોલમાં પેવેલિયન ભેગા કર્યા હતા. તેણે હાર્વિક દેસાઈ, પ્રેરક માંકડ, રુચિત આહીર અને સમીર ગઢ્ઢરને આઉટ કરીને સૌરાષ્ટ્રની બેટિંગને મોટો ફટકો આપ્યો હતો. ત્યારબાદ બીજી ઓવરમાં સિદ્ધાંત રાણાની વિકેટ ઝડપીને તેણે પોતાની પાંચ વિકેટ પૂરી કરી હતી. આ રીતે જમશેદે ચાર ઓવરમાં ૩૮ રન આપીને કુલ પાંચ વિકેટ ઝડપી હતી.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીના ઇતિહાસમાં સતત ચાર બોલમાં ચાર વિકેટ ઝડપનાર જમશેદ આલમ ત્રીજો બોલર બન્યો છે. આ અગાઉ ૨૦૧૯માં કર્ણાટકના અભિમન્યુ મિથુને હરિયાણા સામે અને ૨૦૨૧માં વિદર્ભના દર્શન નાલકંડેએ કર્ણાટક સામે આ સિદ્ધિ મેળવી હતી. હવે આ યાદીમાં જમશેદ આલમનું નામ પણ જોડાયું છે. મુકાબલામાં પ્રથમ બેટિંગ કરતાં રેલવેએ નિર્ધારિત ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૨ રન બનાવ્યા હતા. રેલવે તરફથી જયંત લાખને ૪૭ રન, રવિ સિંહે ૩૨ રન અને ઝુબેર અલીએ અણનમ ૨૭ રનનું યોગદાન આપ્યું હતું. જવાબમાં ૧૮૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સૌરાષ્ટ્રની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૩ રન જ બનાવી શકી હતી. પરિણામે રેલવેએ ૨૯ રનથી જીત મેળવી હતી.

ટી-૨૦ કારકિર્દીની પ્રથમ જ મેચમાં સતત ચાર બોલમાં ચાર વિકેટ અને કુલ પાંચ વિકેટ ઝડપીને જમશેદ આલમે ઘરેલુ ક્રિકેટમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

છઠ્ઠા રાઉન્ડની મંત્રણા પૂર્ણ

મોદીના કેનેડા પ્રવાસ પહેલાં ભારત-કેનેડા ટ્રેડ ડીલની તૈયારીઓ તેજ

ડિસેમ્બરમાં પ્રસ્તાવિત મુલાકાત પહેલાં CEPA કરારને અંતિમ સ્વરૂપ આપવાના પ્રયાસો; વેપાર, રોકાણ અને ઊર્જા ક્ષેત્રે સહયોગ વધારવા સહમતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ડિસેમ્બરમાં થનારા કેનેડા પ્રવાસ પહેલાં ભારત અને કેનેડા વચ્ચે વેપાર કરારને લઈને ગતિવિધિઓ તેજ બની છે. બંને દેશો દ્વિપક્ષીય વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA)ને અંતિમ સ્વરૂપ આપવા માટે સક્રિય રીતે આગળ વધી રહ્યા છે. આ દિશામાં નવી દિલ્હીમાં યોજાયેલી વેપાર વાટાઘાટોના છઠ્ઠા તબક્કાની બેઠક સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. વાટાઘાટો દરમિયાન અનેક મહત્ત્વના મુદ્દાઓ પર સહમતી સધાઈ છે, જ્યારે કેટલાક પ્રકરણોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ભારત અને કેનેડા વચ્ચે CEPAને લઈને સામસામે વાટાઘાટોનો છઠ્ઠો રાઉન્ડ ૧૧થી ૨૦ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાયો હતો. આ બેઠકમાં બંને દેશોના ઉચ્ચ અધિકારીઓ અને વાટાઘાટકારોએ ભાગ લીધો હતો.

ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મુખ્ય વાટાઘાટકાર બ્રિજ મોહન મિશ્રાએ કર્યું હતું, જ્યારે કેનેડિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મેરી-કેથરિન સ્પીયર્સે કર્યું હતું. ભારતીય વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને કેનેડાના નાયબ મંત્રી ગ્લેન ય્વર્સે પણ બેઠક દરમિયાન થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

છઠ્ઠા રાઉન્ડની વાટાઘાટોમાં માલસામાન અને સેવાઓના વેપાર, ઉત્પાદનોના મૂળ દેશ સંબંધિત નિયમો, વેપાર વિવાદોના ઉકેલ, બૌદ્ધિક સંપદા અધિકારો અને રોકાણને પ્રોત્સાહન આપવા જેવા મહત્ત્વના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને દેશોના વાટાઘાટ જૂથોએ રચનાત્મક અને વ્યવહારુ ચર્ચા કરી હતી. બંને પક્ષોએ સંતુલિત અને વ્યાપક કરાર તૈયાર કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ કરારથી ખેડૂતો, ઉદ્યોગો, વેપારીઓ અને સૂક્ષ્મ, નાના તથા મધ્યમ ઉદ્યોગોને લાભ પહોંચાડવાનો હેતુ છે.

ભારતીય હાઈ કમિશન દ્વારા ૧૬ ઓક્ટોબરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કરવામાં આવેલી જાહેરાત મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧ અને ૧૨ ડિસેમ્બરે કેનેડાની મુલાકાત લેવાના છે. જોકે, વાણિજ્ય મંત્રાલયે આ પ્રવાસનું સત્તાવાર સમયપત્રક જાહેર કર્યું ન હતું. બંને દેશો હવે ઓનલાઈન ચર્ચા દ્વારા બાકી રહેલા મુદ્દાઓનો ઉકેલ લાવવાના પ્રયાસો કરશે, જેથી વડાપ્રધાન મોદીની પ્રસ્તાવિત મુલાકાત દરમિયાન વેપાર, રોકાણ અને ઊર્જા સહયોગના ક્ષેત્રોમાં નક્કર પ્રગતિની જાહેરાત કરી શકાય. વેપાર કરાર ઉપરાંત ભારત અને કેનેડા વચ્ચે ઊર્જા ક્ષેત્રમાં સહયોગ વધારવાની પણ તૈયારીઓ ચાલી રહી છે. પ્રસ્તાવિત યોજના હેઠળ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ઊર્જા પુરવઠા શૃંખલા વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ વ્યવસ્થા અંતર્ગત ભારત કેનેડાથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસની આયાત કરી શકે છે. બીજી તરફ કેનેડાને ભારતમાંથી શુદ્ધ પેટ્રોલિયમ ઉત્પાદનોનો પુરવઠો મળી શકે છે. આ ઉપરાંત ટેકનોલોજી, સુરક્ષા અને લોકો વચ્ચેના સંપર્કો વધારવા જેવા ક્ષેત્રોમાં પણ ભાગીદારી મજબૂત બનાવવાનો ઇરાદો છે.

પ્રસ્તાવિત CEPA કરારથી ભારત અને કેનેડા વચ્ચે વેપાર અને રોકાણની નવી તકો ઊભી થવાની આશા છે. સાથે જ વૈશ્વિક પુરવઠા શૃંખલાને વધુ મજબૂત અને વૈવિધ્યસભર બનાવવામાં મદદ મળી શકે છે. હવે બંને દેશોની નજર બાકી રહેલી વાટાઘાટો પૂર્ણ કરીને કરારને અંતિમ સ્વરૂપ આપવા પર છે. વડાપ્રધાન મોદીના સંભવિત કેનેડા પ્રવાસ દરમિયાન આર્થિક સંબંધોને નવી દિશા મળે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

૧૨૧ કિલો સોનાના આભૂષણોની ભેટ

આંધ્રપ્રદેશના વિશ્વપ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરને મળશે અત્યાર સુધીનું સૌથી મોટું દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

તિરુમાલા, તા.૨૨

આંધ્રપ્રદેશના વિશ્વપ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરને ટૂંક સમયમાં અત્યાર સુધીનું સૌથી મોટું સોનાનું દાન મળવા જઈ રહ્યું છે. ભગવાન વેંકટેશ્વરમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા અમેરિકામાં વસતા એક અનામી ભક્તે ભગવાનની મૂળ મૂર્તિ માટે ૧૨૧ કિલો વજનનાં સોનાનાં આભૂષણો તૈયાર કરાવ્યાં છે.



આ તમામ આભૂષણોની અંદાજિત કિંમત રૂ.૧૬૦ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. આગામી ૨૬ નવેમ્બરના રોજ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં ભક્ત દ્વારા આ આભૂષણો મંદિરને અર્પણ કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભગવાન વેંકટેશ્વર પ્રત્યે વિશેષ શ્રદ્ધા ધરાવતા આ ભક્તે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમનો સંપર્ક કરીને ભગવાનને સોનાનાં આભૂષણો અર્પણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ભક્તની આ ઇચ્છા સ્વીકારવામાં આવી છે. ભગવાનની મૂળ મૂર્તિ માટે કુલ ૪૫ અલગ-અલગ સોનાનાં આભૂષણો તૈયાર કરાવવામાં આવ્યાં છે. આ આભૂષણોમાં કુલ નવ સેટનો સમાવેશ થાય છે. તમામ ઘરેણાંનું કુલ વજન ૧૨૧ કિલો અને બજારકિંમત અંદાજે રૂ.૧૬૦ કરોડ આંકવામાં આવી છે.

અહેવાલો અનુસાર, આ તમામ કિંમતી આભૂષણો ચેન્નઈના એક મોટા જ્વેલર્સ પાસે ખાસ તૈયાર કરાવવામાં આવ્યાં છે. દાન આપનાર ભક્તની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. અમેરિકામાં વસતા આ ભક્તે ભગવાન બાલાજી પ્રત્યેની પોતાની શ્રદ્ધાના ભાગરૂપે આટલું મોટું દાન આપવાનો નિર્ણય કર્યો છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ પણ તાજેતરમાં આ દાન અંગે ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમેરિકામાં રહેતા એક ભક્તે ભગવાન બાલાજીની મૂળ મૂર્તિ માટે સોનાનાં આભૂષણો દાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. હવે ૨૬ નવેમ્બરના રોજ મુખ્યમંત્રીની હાજરીમાં આ આભૂષણો મંદિરને ઔપચારિક રીતે સોંપવામાં આવશે.

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, મંદિરના ઇતિહાસમાં સોનાનાં આભૂષણોનું આ અત્યાર સુધીનું સૌથી મોટું દાન બની શકે છે. ૧૨૧ કિલો સોનાનાં ૪૫ આભૂષણો ભગવાન વેંકટેશ્વરને અર્પણ થવાની આ ઘટના ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર બની રહેશે. આ ભવ્ય દાનને લઈને દેશ-વિદેશમાં વસતા બાલાજીના ભક્તોમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે.

ચાર દિવસ બાદ ભેદ ઉકેલાયો

રેલવે સ્ટેશન પર ઊભેલી ટ્રેનમાં મહિલા સાથે દુષ્કર્મ બાદ હત્યા, સીટ નીચે છુપાવી લાશ

તમિલનાડુના નાગરકોઈલ રેલવે સ્ટેશનની ચકચારી ઘટના; ૫૦ વર્ષીય મહિલાના મૃતદેહથી ફેલાઈ સનસનાટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નાગરકોઈલ, તા.૨૨

તમિલનાડુના કન્યાકુમારી જિલ્લાના નાગરકોઈલ રેલવે સ્ટેશન પર માનવતાને શરમાવે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ઊભેલી ટ્રેનના ખાલી કોચમાં આશરે ૫૦ વર્ષીય મહિલા સાથે કથિત દુષ્કર્મ આચરી તેની હત્યા કરવામાં આવી હતી. એટલું જ નહીં, આરોપીએ મહિલાનો મૃતદેહ કોચની સીટ નીચે સંતાડી દીધો હતો. ઘટનાના ચાર દિવસ બાદ મૃતદેહ મળી આવતાં સમગ્ર રેલવે તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. રેલવે પોલીસે ઝીરો ફૂટેજના આધારે ૩૧ વર્ષીય અય્યપ્પનની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, ૧૮ નવેમ્બરની સવારે આશરે ૮ વાગ્યે નાગરકોઈલ રેલવે સ્ટેશનના ૧૩મા યાર્ડમાં ઊભેલી ટ્રેન નંબર ૧૬૩૬૬ના પાછળના કોચમાં સીટ નીચે મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહની હાલત જોઈને પ્રથમ દૃષ્ટિએ જ કોઈ ગંભીર ગુનો આચરાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

મૃતદેહ ઘણા દિવસ જૂનો હોવાથી સડવા લાગ્યો હતો. ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મહિલાની હત્યા થઈ હોવાનું સામે આવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

મહિલાની ઓળખ અને હત્યાનું રહસ્ય ઉકેલવા પોલીસે રેલવે સ્ટેશનના CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ઇન્સ્પેક્ટર કેથરીન સુજાતાના નેતૃત્વમાં વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૪ નવેમ્બરની રાત્રિના ફૂટેજમાં સફેદ ધોતી અને સફેદ શર્ટ પહેરેલો એક શખ્સ પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ પર ઊભેલી ટ્રેનના કોચમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો. ફૂટેજના આધારે તપાસ કરતાં તેની ઓળખ ૩૧ વર્ષીય અય્યપ્પન તરીકે થઈ હતી. તે જહોનસનનો પુત્ર અને સેમ્બગરામનપુથૂરનો રહેવાસી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર, ૧૪ નવેમ્બરની રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે આરોપીએ પ્લેટફોર્મ નંબર ૫ પર એક મહિલાને જોઈ હતી. ત્યારબાદ તેને બળજબરીપૂર્વક પકડીને ટ્રેનના ખાલી કોચમાં ખેંચી ગયો હોવાનો આરોપ છે. ત્યાં મહિલા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ગંભીર ઈજાઓના કારણે મહિલાનું મોત થયું હતું. ત્યારબાદ આરોપીએ મૃતદેહને કોચની સીટ નીચે સંતાડી દીધો હતો, જેના કારણે ચાર દિવસ સુધી આ ભયાનક ઘટનાની જાણ થઈ નહોતી.

આ મામલે શરૂઆતમાં નાગરકોઈલ ઈસ્ટના ગ્રામ વહીવટી અધિકારીની ફરિયાદના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૯૪ હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી. જોકે, પોસ્ટમોર્ટમમાં હત્યાની પુષ્ટિ થયા બાદ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો હતો. CCTV ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે પોલીસે અય્યપ્પનની ધરપકડ કરી છે. હાલ રેલવે પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી છે. મહિલાની ઓળખ, ઘટનાના અન્ય સંજોગો અને આરોપી સામેના પુરાવા અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ખાટુ શ્યામનાં દર્શન કરી પરત ફરતા પરિવાર પર કાળનો કહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોટા, તા.૨૨

રાજસ્થાનના કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર શંભુપુરા નજીક મોડી રાત્રે સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના નવ સભ્યોનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય છ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. ખાટુ શ્યામ મંદિરનાં દર્શન કરીને મહારાષ્ટ્ર પરત ફરી રહેલા પરિવારની ક્રૂઝર કાર રસ્તા પર ઊભેલા ટ્રકની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ક્રૂઝર કારમાં કુલ ૧૬ લોકો સવાર હતા. પરિવાર ખાટુ શ્યામ મંદિરનાં દર્શન કરીને મહારાષ્ટ્ર તરફ પરત ફરી રહ્યો હતો. દરમિયાન કોટા-ઉદયપુર નેશનલ હાઈવે પર શંભુપુરા નજીક કારચાલકને અચાનક ઝોકું આવી જતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે પૂરપાટ ઝડપે દોડી રહેલી ક્રૂઝર કાર રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. અકસ્માતની ભયાનકતાને કારણે કારમાં સવાર નવ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટનામાં એક જ પરિવારના નવ સભ્યોનાં મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. અકસ્માતમાં અન્ય છ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી.

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની રાજકારણમાં એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

ભારતીય ક્રિકેટ જગતમાં પોતાની લેગ સ્પિન અને ગુગલીથી જાણીતા બનેલા સ્ટાર ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલે હવે રાજકારણમાં નવી ઇનિંગ્સ શરૂ કરી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયા બાદ તેને પાર્ટીના રાષ્ટ્રીય OBC મોરચાની કાર્યકારિણી સમિતિમાં ખાસ આમંત્રિત સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. ભાજપ દ્વારા ૨૧ નવેમ્બરના રોજ OBC મોરચાની નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ચહલના નામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનના નિર્દેશ અનુસાર OBC મોરચાની નવી ટીમમાં વિવિધ હોદ્દાઓ પર નિમણૂકો કરવામાં આવી છે. આ યાદીમાં યુઝવેન્દ્ર ચહલને ખાસ આમંત્રિત સભ્ય તરીકે સ્થાન મળ્યું છે. OBC મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ અમરપાલ મૌર્ય દ્વારા ચહલને સંગઠનમાં સામેલ કરવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, ચહલે અગાઉ અમરપાલ મૌર્ય સાથે મુલાકાત કરી હતી અને રાજકારણમાં જોડાઈને ભાજપ સાથે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ તેને રાષ્ટ્રીય કાર્યકારિણીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રાજકીય સંગઠનોમાં ખાસ આમંત્રિત સભ્યનું પદ સામાન્ય પદાધિકારીઓથી અલગ હોય છે. આવા સભ્યોને સંગઠનની મહત્વપૂર્ણ બેઠકો અને કાર્યક્રમોમાં હાજરી આપવા માટે આમંત્રિત કરવામાં આવે છે. તેઓ સંગઠનની કામગીરીમાં ભાગ લઈ શકે છે, જોકે તેમની જવાબદારીઓ નિયમિત હોદ્દેદારો જેવી હોતી નથી. ચહલને આ પદ પર કઈ વિશેષ જવાબદારી સોંપવામાં આવશે તે અંગે હજુ વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ભાજપમાં સ્થાન મળ્યા બાદ યુઝવેન્દ્ર ચહલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન અને OBC મોરચાના રાષ

પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો

ઈરાન દ્વારા બહેરીનમાં યુએસ સૈન્ય ઠેકાણા પર મિસાઈલ-ડ્રોન હુમલાનો દાવો

હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓઈલ ટેન્કરોમાં આગ અને બે યુએસ ડ્રોન તોડી પાડવાના દાવાથી દરિયાઈ સુરક્ષા સામે ચિંતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૨૨

પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે બહેરીનના અલ-રફા અને અવાલી એરબેઝ પર તૈનાત અમેરિકાના બે પેટ્રિઅટ એર ડિફેન્સ રડાર સિસ્ટમને મિસાઈલો અને ડ્રોનથી નિશાન બનાવી છે. ઈરાને આ કાર્યવાહીને તેના હવાઈ ક્ષેત્રના કથિત ઉલ્લંઘન અને હેંગમ ટાપુ પર રડાર ઈન્સ્ટોલેશન પર અમેરિકાના હુમલાના જવાબ તરીકે ગણાવી છે. દરમિયાન બહેરીનમાં એક ઔદ્યોગિક સુવિધા પર હુમલા બાદ આગ લાગવાની ઘટના સામે આવી છે, જેને કાબૂમાં લેવા અગ્નિશામકો અને નાગરિક સંરક્ષણ ટીમો કાર્યરત છે. જોકે આ ઘટનામાં કોઈ ઈજા થઈ નથી અને બહેરીને જાહેર ચેતવણી પાછી ખેંચી પરિસ્થિતિ સામાન્ય થઈ હોવાનું જણાવી નાગરિકોને સતર્ક રહેવા સૂચન કર્યું છે. દરિયાઈ ક્ષેત્રમાં પણ તણાવ વકર્યો છે.

ઈરાની નૌકાદળના જણાવ્યા અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટની પૂર્વમાં પ્રતિબંધિત વિસ્તારમાં એક ઓઈલ ટેકર લેન્ડમાઈન સાથે અથડાતાં તેમાં આગ લાગી હતી, જ્યારે ઓમાનના ખાસાબ ક્ષેત્રના ઉત્તર અને પૂર્વમાં બે ઓઈલ ટેકર પર અજાણ્યા પ્રોજેક્ટાઈલ દ્વારા હુમલો થયાનો યુકે મેરીટાઈમ એજન્સીએ અહેવાલ આપ્યો છે. આ ઉપરાંત IRGC એ અલગ-અલગ ઘટનાઓમાં MQ-9 અને એક MQ-1 પ્રિડેટર ડ્રોન એમ બે યુએસ ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો છે.

બીજી તરફ, ઈરાની સંસદની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના પ્રવક્તા ઈબ્રાહિમ રેઝાઈએ ચેતવણી આપી છે કે ઈરાની માળખાકીય સુવિધાઓ પર હુમલો થશે તો તેહરાન ઈઝરાયલી ઠેકાણાઓને નિશાન બનાવશે. આ દરમિયાન સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને હોર્મુઝની સામુદ્રધુની ઉપર એક ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો છે. યમનના હુથી બળવાખોરો દ્વારા પશ્ચિમ સાઉદી અરેબિયા તરફ છોડવામાં આવેલી બે લિસ્ટિક મિસાઈલને અટકાવી નાશ કર્યાનો દાવો કર્યો છે, જ્યારે હુથી પ્રવક્તા યાહ્યા સારીએ મક્કાને નિશાન બનાવવાનો ઈનકાર કર્યો છે.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે કે, તેહરાનની શરતો પૂર્ણ થાય તો હોર્મુઝની સ્ટ્રેટ ફરી ખોલી શકાય, પરંતુ ૬૦ ટકા સુધી સમૃદ્ધ યુરેનિયમ ભંડાર અન્ય દેશમાં મોકલવાની શક્યતા તેમણે નકારી કાઢી છે.

ફેડરલ કોર્ટના ચુકાદાથી F-1 અને J-1 વિઝાધારકોને રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૨

અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરતા હજારો ભારતીય અને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અમેરિકાની ફેડરલ કોર્ટે વિદેશી વિદ્યાર્થીઓ માટે લાવવામાં આવેલા વિવાદાસ્પદ ડ્યુરેશન ઓફ સ્ટેટસ નિયમને રદ કરી દીધો છે. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આવેલા આ ચુકાદાથી F-1 અને J-1 વિઝા પર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓનો સમય અને વિઝા એક્સટેન્શન પાછળ થતો હજારો ડોલરનો ખર્ચ બચવાની શક્યતા છે.

અમેરિકામાં અત્યાર સુધી F-1 અને J-1 વિઝા પર આવતા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમની અવધિ સુધી કાયદેસર રીતે રહેવાની મંજૂરી મળતી હતી. આ વ્યવસ્થાને ડ્યુરેશન ઓફ સ્ટેટસ તરીકે ઓળખવામાં આવે છે. જોકે, અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) દ્વારા આ વ્યવસ્થામાં ફેરફાર કરીને વિદ્યાર્થીઓને ચોક્કસ સમયમર્યાદા માટે જ અમેરિકામાં પ્રવેશ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ નિયમ અમલી બન્યો હોત તો વિદ્યાર્થીઓએ નિર્ધારિત સમયગાળો પૂર્ણ થયા બાદ અમેરિકામાં રહેવા માટે વિઝા એક્સટેન્શનની અરજી કરવી પડત. નવા નિયમને કારણે ખાસ કરીને માસ્ટર્સ અને પીએચડી કરતા વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી શકતી હતી. ઘણી વખત રિસર્ચ પ્રોજેક્ટમાં વિલંબ, અભ્યાસક્રમમાં ફેરફાર અથવા અન્ય શૈક્ષણિક કારણોસર ડિગ્રી પૂર્ણ કરવામાં નિર્ધારિત સમય કરતાં વધુ સમય લાગે છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓએ વારંવાર યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) સમક્ષ એક્સટેન્શન માટે અરજી કરવી પડત. આ પ્રક્રિયામાં વધારાની ફી, દસ્તાવેજો અને લાંબી કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડત. પરિણામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ચિંતા જોવા મળી રહી હતી.

૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ફેડરલ કોર્ટ દ્વારા આ નિયમ રદ કરવામાં આવતાં જૂની ડ્યુરેશન ઓફ સ્ટેટસ વ્યવસ્થા યથાવત્ રહેવાનો માર્ગ મોકળો થયો છે. તેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરવા માટે અગાઉની વ્યવસ્થા મુજબ રાહત મળશે અને નિર્ધારિત સમયમર્યાદાને કારણે ઊભી થતી વધારાની વિઝા પ્રક્રિયાની મુશ્કેલી ટળશે. આ નિર્ણયથી ખાસ કરીને લાંબા ગાળાના સંશોધન કાર્ય સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને ફાયદો થવાની આશા છે.

જોકે, અભ્યાસ દરમિયાન મળેલી આ રાહતનો અર્થ એવો નથી કે અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી મેળવવી કે કાયમી વસવાટ કરવો સરળ બની ગયો છે. H-1B વિઝા, રોજગાર આધારિત ઈમિગ્રેશન અને ગ્રીન કાર્ડની PERM પ્રક્રિયા જેવા મુદ્દાઓ હજુ પણ વિદ્યાર્થીઓ માટે પડકારરૂપ બની શકે છે. આમ, ફેડરલ કોર્ટના ચુકાદાથી અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓને હાલ મોટી રાહત મળી છે, પરંતુ અભ્યાસ પૂર્ણ થયા બાદ રોજગાર અને ઈમિગ્રેશન સંબંધિત નિયમોનું ધ્યાન રાખવું જરૂરી રહેશે.

વર્ષો જૂની રાજદ્વારી પરંપરા તૂટતાં વિવાદ

રાષ્ટ્રપતિને જાણ કર્યા વિના જ ભારત પહોંચ્યા નેપાળના PM બાલેન્દ્ર શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહ બે દિવસના ભારત પ્રવાસે આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૨૨ નવેમ્બરના રોજ તેઓ ૩૪ સભ્યોના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે નવી દિલ્હી પહોંચ્યા હતા. માર્ચ ૨૦૨૬માં વડાપ્રધાનપદ સંભાળ્યા બાદનો તેમનો આ પ્રથમ સત્તાવાર ભારત પ્રવાસ છે.

જોકે, આ મુલાકાતને લઈને નેપાળના રાજકીય વર્તુળોમાં વિવાદ ઊભો થયો છે. ભારત પ્રવાસ અંગે નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલને ઔપચારિક જાણ ન કર્યાના અહેવાલો વચ્ચે વિપક્ષી પક્ષોએ પણ નારાજગી વ્યક્ત કરી છે.

નેપાળમાં વડાપ્રધાન વિદેશ પ્રવાસે જાય તે પહેલાં રાષ્ટ્રપતિને જાણ કરવાની પરંપરા રહી છે. જોકે, રાષ્ટ્રપતિ કાર્યાલયનાં સૂત્રોને ટાંકીને અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે બાલેન્દ્ર શાહે ભારત પ્રવાસ અંગે રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલને કોઈ ઔપચારિક કે અનૌપચારિક જાણ કરી નહોતી. અગાઉ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા ન્યૂયોર્કના પ્રવાસ દરમિયાન પણ આવી જ સ્થિતિ સર્જાઈ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભારત જેવા મહત્ત્વપૂર્ણ પડોશી દેશની મુલાકાત પહેલાં પૂર્વ વડાપ્રધાનો, પૂર્વ વિદેશ મંત્રીઓ અને સંસદમાં પ્રતિનિધિત્વ ધરાવતા રાજકીય પક્ષો સાથે પરામર્શ કરવાની પરંપરા રહી છે. જોકે, આ વખતે આવી ચર્ચા કરવામાં ન આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે. નેપાળી કોંગ્રેસના વરિષ્ઠ ઉપાધ્યક્ષ બિશ્વપ્રકાશ શર્માએ આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમના મતે, રાષ્ટ્રીય હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર સહિયારો અભિપ્રાય તૈયાર કરવા આવી લોકતાંત્રિક પરંપરા મહત્ત્વપૂર્ણ છે.

બાલેન્દ્ર શાહ સાથેના ૩૪ સભ્યોના પ્રતિનિધિમંડળમાં નેપાળના નાણામંત્રી ડૉ. સ્વર્ણિમ વાગલે અને વિદેશમંત્રી શિશિર ખનાલ સહિતના અગ્રણીઓ સામેલ છે. ભારત પ્રવાસ દરમિયાન તેઓ વિદેશમંત્રી એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરશે. ૨૩ નવેમ્બરના રોજ હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાલેન્દ્ર શાહ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાવાની છે.

આ બેઠકમાં બંને દેશો વચ્ચે વેપાર, ઊર્જા, કનેક્ટિવિટી, રોકાણ અને આર્થિક સહયોગ વધારવા અંગે ચર્ચા થવાની સંભાવના છે. બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. જોકે, ભારત પ્રવાસ પહેલાં નેપાળમાં રાજકીય પરંપરાઓના પાલન અંગે ઊભો થયેલો વિવાદ પણ ચર્ચાનો વિષય બન્યો છે.

ઈરાને વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવી મધ્યસ્થ માનવાનો કર્યો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૨૨

ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા ભજવી શાંતિ સ્થાપિત કરવાનો દાવો કરનાર પાકિસ્તાનની કૂટનૈતિક સ્થિતિ નબળી પડી હોવાનું સામે આવ્યું છે. શ્રીલંકાના અખબાર ડેલી મિરરમાં પ્રકાશિત અહેવાલ મુજબ, ઈરાને પાકિસ્તાનને મધ્યસ્થ તરીકે સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે અને તેની નિષ્પક્ષતા તથા વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉઠાવ્યા છે.

બીજી તરફ, અમેરિકા પણ કતાર સહિતના અન્ય દેશો સાથે સક્રિય કૂટનૈતિક સંપર્ક સાધી રહ્યું છે, જે આ પ્રક્રિયામાં પાકિસ્તાનનું મહત્વ ઘટ્યું હોવાનું દર્શાવે છે.

અહેવાલ અનુસાર, ઈરાન તરફથી પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે તે પહેલા અફઘાનિસ્તાન સાથે પોતાનો વિવાદ ખતમ કરે. તહેરાન તરફથી એવો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે કે અફઘાનિસ્તાન સાથેનો વિવાદ ઉકેલવામાં તેઓ મદદ કરી શકે છે. ઈરાનના રાજનેતાઓ, નિષ્ણાતો અને સરકારી અધિકારીઓના મતે, પોતાના જ સંબંધો અફઘાનિસ્તાન સાથે સારા ન હોવા છતાં પાકિસ્તાન ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થ બને તે મોટો પ્રશ્નાર્થ છે.



રામાયણના બજેટ પર મુકેશ ખન્ના નારાજ

૪,૦૦૦ કરોડ ખર્ચવા છતાં રામાયણની મૂળ કથા બદલાઈ તો પૈસા બરબાદ: મુકેશ ખન્ના



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી અભિનીત ફિલ્મ 'રામાયણ'ને લઈને ચર્ચાઓ અટકવાનું નામ લઈ રહી નથી. હવે દિગ્ગજ અભિનેતા મુકેશ ખન્નાએ ફિલ્મના નિર્માતાઓ અને તેના બજેટ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે ફિલ્મના અંદાજિત રૂપિયા ૪,૦૦૦ કરોડના બજેટને બિનજરૂરી ગણાવીને નારાજગી વ્યક્ત કરી છે.



મુકેશ ખન્નાના મતે, રામાયણ જેવી પવિત્ર ગાથાને દર્શકો સુધી પહોંચાડવા માટે આટલા મોટા બજેટની જરૂર નથી. તેમણે કહ્યું કે, આ કોઈ સામાન્ય ફિલ્મની વાર્તા નથી, પરંતુ કરોડો લોકોની આસ્થા સાથે જોડાયેલી રામાયણ છે. તેથી ફિલ્મ બનાવતી વખતે મૂળ કથા અને તેની ભાવનાઓ સાથે કોઈ છેડછાડ થવી જોઈએ નહીં. તેમણે વધુમાં કહ્યું કે, તેમને ફિલ્મે કેટલા કરોડ રૂપિયાની કમાણી કરી છે તેનાથી કોઈ ફરક પડતો નથી. તેમના માટે સૌથી મહત્ત્વની બાબત એ છે કે ફિલ્મમાં મૂળ સત્યને છુપાવવામાં આવ્યું છે કે પછી તેમાં કોઈ ખોટી વાત ઉમેરવામાં આવી છે. જો રૂપિયા ૪,૦૦૦ કરોડ ખર્ચ્યા પછી પણ વાર્તા પાછળ રહી જાય અને ભવ્યતા જ હાવી થઈ જાય, તો તે પૈસાનો બગાડ છે.

મુકેશ ખન્ના પોતાની યુટ્યુબ ચેનલ પર 'સંપૂર્ણ શ્રીરામ' સિરીઝ લઈને આવી રહ્યા છે. જેમાં તેઓ રામાયણની મૂળ કથા અને પ્રસંગો પર ખાસ ધ્યાન આપશે. આ વિશે જાણકારી આપતા તેમણે રામાયણ ફિલ્મ પર નિશાન સાધ્યું હતું. જેમાં પોસ્ટમાં તેમણે લખ્યું છે કે, 'મેં સંપૂર્ણ શ્રીરામ બનાવી છે.' તમને બતાવવા માટે જેને આપણી રામાયણ કહી શકાય. મુકેશ ખન્નાએ રાવણના પાત્રને આપવામાં આવેલા મહત્ત્વ સામે પણ વાંધો ઉઠાવ્યો છે. તેમના મતે, ફિલ્મમાં રાવણને ભગવાન રામ કરતાં વધુ ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, રામાયણને 'રાવણાયણ' બનાવવાનો પ્રયાસ ન થવો જોઈએ. ધાર્મિક કથાઓને પોતાની રીતે બદલવાની છૂટ નિર્માતાઓને ન હોવી જોઈએ. આ ઉપરાંત તેમણે સીતાના પાત્રને યોદ્ધા તરીકે દર્શાવવા સામે પણ નારાજગી વ્યક્ત કરી છે. તેમના મતે, ધાર્મિક અને પૌરાણિક કથાઓમાં પોતાની મરજીથી નવા દૃશ્યો ઉમેરવા યોગ્ય નથી. આવી ફિલ્મો બનાવનારાઓએ કરોડો લોકોની ધાર્મિક લાગણીઓ અને મૂળ ગ્રંથોનું સન્માન કરવું જોઈએ. મુકેશ ખન્નાએ સેન્સર બોર્ડની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે સૂચન કર્યું છે કે રામાયણ, મહાભારત અને અન્ય ધાર્મિક વિષયો પર ફિલ્મ બનાવવામાં આવે ત્યારે નિષ્ણાતો અને વિદ્વાનોની એક અલગ સમિતિની મંજૂરી ફરજિયાત હોવી જોઈએ. આ સમિતિ ફિલ્મની વાર્તા અને દૃશ્યોની સમીક્ષા કરે, જેથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતા દૃશ્યો અટકાવી શકાય.

૩૯ વર્ષની ઉંમરે અભિનેત્રી સમંથાએ પુત્રને જન્મ આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી સમંથા રુથ પ્રભુના જીવનમાં ખુશીઓનું આગમન થયું છે. અભિનેત્રી માતા બની ગઈ છે અને આ સમાચારથી તેના ચાહકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ૩૯ વર્ષની ઉંમરે માતા બનેલી સમંથાએ પોતાના જીવનની આ ખાસ ક્ષણ સોશિયલ મીડિયા પર શેર કરી છે. એટલું જ નહીં, તેણે પોતાના નવજાત બાળકની પહેલી ઝલક પણ ચાહકોને બતાવી છે. સમંથા રુથ પ્રભુ અને તેના પતિ તથા ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુના ઘરે પુત્રનો જન્મ થયો છે. બંનેએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ ખુશખબર આપી હતી. અભિનેત્રીએ પોતાના પુત્રનું નામ 'દેવ નિદિમોરુ' રાખ્યું છે. શેર કરવામાં આવેલી તસવીરમાં નવજાત બાળકની નાનકડી આંગળીઓ સમંથા અને રાજની આંગળીઓ પકડેલી જોવા મળે છે. આ તસવીર સાથે બંનેએ પોતાના જીવનની ખુશી વ્યક્ત કરી હતી. સમંથા અને રાજે પોતાના પુત્રનું નામ દેવ નિદિમોરુ રાખ્યું છે.

અભિનેત્રીએ તસવીર સાથે ભાવુક સંદેશ પણ લખ્યો હતો. જેમાં તેણે જણાવ્યું કે, તેમના જીવનમાં આ સૌથી ખુશીની ક્ષણ છે. બાળકની નાનકડી આંગળીઓની તસવીર સોશિયલ મીડિયા પર સામે આવતાં જ ચાહકો અને ફિલ્મી જગતના લોકો તરફથી અભિનંદનનો વરસાદ શરૂ થયો છે. પુત્રના જન્મના થોડા દિવસ પહેલાં સમંથા અને રાજે ઘરે પરંપરાગત પૂજાનું આયોજન કર્યું હતું. ૧૭ નવેમ્બરના રોજ યોજાયેલી આ ધાર્મિક વિધિમાં બંને પરિવારના સભ્યો અને વડીલો હાજર રહ્યા હતા. આ દરમિયાન સમંથા લાલ રંગના પરંપરાગત પોશાકમાં જોવા મળી હતી, જ્યારે રાજે પણ પરંપરાગત વસ્ત્રો પહેર્યાં હતાં. પરિવારના સભ્યોએ માતા અને બાળકના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. સમંથા રુથ પ્રભુ અને રાજ માટે આ ખાસ ક્ષણ છે, કારણ કે બંનેના જીવનમાં પ્રથમ સંતાનનું આગમન થયું છે. પુત્રના જન્મના સમાચાર જાહેર થયા બાદ સોશિયલ મીડિયા પર ચાહકો અને શુભેચ્છકો તરફથી અભિનંદન મળી રહ્યા છે. અભિનેત્રીની આ નવી શરૂઆતને લઈને તેના પ્રશંસકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જેકી શ્રોફે વ્યક્ત કરી અધૂરી ઈચ્છા

અવાજમાં દમ નથી છતાં ગાવું છે : અભિનેતા જેકી શ્રોફ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દિગ્ગજ અભિનેતા જેકી શ્રોફ ફરી એકવાર પોતાની આગામી ફિલ્મ 'કાલી ખેતી'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તે એક અલગ જ અંદાજમાં જોવા મળશે. એક વાતચીતમાં જેકી શ્રોફે ફિલ્મની કહાની, શૂટિંગ દરમિયાનના અનુભવો અને પોતાની અંગત ઈચ્છાઓ વિશે ખુલાસો કર્યો હતો. જેકી શ્રોફે જણાવ્યું કે, 'કાલી ખેતી' અગાઉની હોરર ફિલ્મોથી ઘણી અલગ છે. અગાઉ તેણે હોરર સાથે કોમેડીનો સ્પર્શ ધરાવતી ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ આ ફિલ્મ સંપૂર્ણપણે હોરર જોનરની છે. આ વખતે દર્શકોને હસાવવાને બદલે ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં કાળા રંગ અને ભયાનક વાતાવરણ દ્વારા ડરનો અલગ અનુભવ કરાવવામાં આવશે.

શૂટિંગ દરમિયાન ભૂતનો ડર લાગ્યો કે કેમ તેવા સવાલના જવાબમાં તેણે મજાકિયા અંદાજમાં કહ્યું કે સેટ પર એટલા બધા લોકો હોય છે કે ભૂતને પણ જગ્યા શોધવી પડે. જોકે, તેણે એક જૂનો કિસ્સો પણ યાદ કર્યો હતો. એકવાર પહાડી વિસ્તારમાં ટ્રેનમાંથી ભૂલથી એક સ્ટેશન આગળ ઊતરી ગયો હતો. પાછા ફરવામાં મોડું થતાં અંધારું થઈ ગયું અને તેને લગભગ ત્રણ સ્ટેશન સુધી પગપાળા ચાલવું પડ્યું હતું. તે સમયે બાળપણમાં જોયેલી એક ફિલ્મ યાદ આવી ગઈ હતી.

ફિલ્મમાં અભિનેતા શરદ કેલકર સાથે કામ કરવાના અનુભવ વિશે જેકીએ કહ્યું કે, તેમની સાથે કામ કરવાની ખૂબ મજા આવી. શરદ ખૂબ જ સરળ સ્વભાવના અને સહયોગી કલાકાર છે. સમગ્ર ટીમ સાથે મળીને કામ કરતી, જમતી અને એકબીજાને સમજતી હતી. આ કારણે શૂટિંગનું વાતાવરણ પણ ખૂબ સારું રહ્યું હતું.

ખેતરોમાં શૂટિંગ કરવાના અનુભવ વિશે તેમણે કહ્યું કે, તેમને ખેતી અને ખેતરો સાથે ખાસ લગાવ છે. ખેતી તેમને હંમેશાં શાંતિ અને સકારાત્મકતા આપે છે. ફિલ્મમાં ભલે ખેતરોને ડરામણા વાતાવરણમાં દર્શાવવામાં આવ્યા હોય, પરંતુ વાસ્તવિક જીવનમાં તેમના માટે ખેતી પ્રેમ અને સુકૂન સાથે જોડાયેલી છે.

પોતાની કારકિર્દી વિશે વાત કરતાં જેકી શ્રોફે કહ્યું કે, તેને ક્યારેય એક જ પ્રકારની ભૂમિકામાં બંધાઈ રહેવું પસંદ નથી. તેણે 'રામ લખન', 'મિશન કાશ્મીર', 'પરિંદા' જેવી ફિલ્મોથી લઈને સાઈબાબાની ભૂમિકા સુધી અનેક અલગ-અલગ પાત્રો ભજવ્યાં છે. આ ઉપરાંત તેણે પોતાની દિલની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું કે, તેને ગાવાનો ખૂબ શોખ છે અને તે ગાયકી શીખવા માગે છે. પોતાની અવાજમાં એટલી તાકાત ન હોવા છતાં તક મળશે તો ગાવાનું જરૂર શીખશે.

આગામી પ્રોજેક્ટ્સ વિશે તેણે જણાવ્યું કે, તે ફિલ્મ 'કિંગ'માં કામ કરી રહ્યો છે. આ ઉપરાંત દિગ્દર્શક વામશી સાથે પણ એક પ્રોજેક્ટ અંગે વાતચીત ચાલી રહી છે. જેકીના જણાવ્યા અનુસાર, તેને દર મહિને લગભગ બે શૂટિંગ મળી જ જાય છે. જ્યાં સુધી પગ ચાલે છે અને લોકો કામ આપે છે ત્યાં સુધી કામ કરતા રહેવું જોઈએ.

દીકરીના નિધન બાદ વિજય એન્ટનીએ જૂતાં પહેરવાનું કેમ છોડી દીધું?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

જાણીતા અભિનેતા વિજય એન્ટની તાજેતરમાં પોતાની અપકમિંગ ફિલ્મ 'અપ્પા કુટ્ટી'ના પ્રમોશન માટે પત્ની ફાતિમા અને નાની દીકરી લારા સાથે પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં ફાતિમાએ ૩ વર્ષ પહેલાં મોટી દીકરી મીરાના નિધન બાદ પરિવાર પર પડેલી અસર વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, વિજય એન્ટની આજે પણ દીકરીની યાદોને પોતાના જીવનમાં સાચવીને બેઠા છે. ફાતિમાએ ખુલાસો કર્યો કે, વિજય ખાસ પ્રસંગો સિવાય જૂતાં પહેરતા નથી. એટલું જ નહીં, તેઓ આજે પણ મીરાની જૂની ઘડિયાળ પહેરે છે, જેથી તેની યાદ હંમેશા તેમની સાથે બની રહે. ફાતિમાની આ વાત સાંભળીને ત્યાં હાજર રહેલા લોકો પણ ભાવુક થઈ ગયા હતા. તેઓ આજે પણ પોતાની દીકરીને ગુમાવવાના દર્દમાંથી સંપૂર્ણપણે બહાર નથી આવી શક્યા નથી.

'અપ્પા કુટ્ટી' ફિલ્મ વિજય એન્ટની અને તેમની દીકરીના સંબંધ પર આધારિત છે. તેમની પત્ની ફાતિમાએ જણાવ્યું કે, 'દીકરી મીરાના મૃત્યુ બાદ તેમણે કોઈ ફિલ્મી ફંક્શનમાં ભાગ નહોતો લીધો. દીકરીના મૃત્યુ બાદ વિજય એન્ટનીએ જૂતાં-ચંપલ પહેરવાનું લગભગ છોડી દીધું છે. અમે મીરા માટે વર્ષો સુધી લંડન, અમેરિકા અને અન્ય ઘણી જગ્યાએથી ઢગલાબંધ જૂતાં અને ચંપલ ખરીદ્યા હતા. એટલા બધા કે અમારા ઘરનો એક આખો રૂમ તેનાથી ભરેલો છે. તે જૂતાં જોઈને વિજય એન્ટનીએ નિર્ણય લીધો કે હવે તેઓ પોતે ફૂટવેર નહીં પહેરે.'

ફાતિમાએ આગળ જણાવ્યું કે, 'વિજય એન્ટની હવે માત્ર દેશની બહાર થનારા અમુક ખાસ કોન્સર્ટ્સમાં જ જૂતાં પહેરે છે. દીકરીની યાદ આજે પણ તેમના જીવનનો હિસ્સો છે, જેના કારણે તેમણે આવો નિર્ણય લીધો છે.' ફાતિમાએ એ પણ જણાવ્યું કે, 'વિજય એન્ટની પાસે ઘણી મોંઘી ઘડિયાળો છે, પરંતુ દીકરી મીરાના ગયા બાદથી તેઓ હવે માત્ર એક જ ઘડિયાળ પહેરે છે, જે છેલ્લી વાર મીરાએ પહેરી હતી. ત્યારથી તેમણે એ ઘડિયાળ ક્યારેય ઉતારી નથી. આ કાર્યક્રમ દરમિયાન ફાતિમાએ પોતાના અંગત જીવન સાથે જોડાયેલો એક દર્દનાક કિસ્સો પણ શેર કર્યો. તેમણે જણાવ્યું કે, જ્યારે હું માત્ર ૭ વર્ષની હતી, ત્યારે મારા પિતા પરિવારને છોડીને જતા રહ્યા હતા. વર્ષો બાદ મને પતિ વિજય એન્ટની પાસેથી એ જ ભાવનાત્મક ટેકો અને પ્રેમ મળ્યો. વિજય એન્ટની જ એ વ્યક્તિ છે, જેમણે મને એ પ્રેમ આપ્યો.' આ કાર્યક્રમમાં તેમની નાની દીકરી લારા પણ હાજર હતી. મીરાના નિધન બાદ ઘણા લાંબા સમયે આ આખો પરિવાર જાહેરમાં એકસાથે જોવા મળ્યો હતો.

ફાતિમાની ભાવુક વાતોએ ત્યાં હાજર રહેલા લોકોને પણ ભાવુક કરી દીધા અને પરિવારના ઊંડા દુઃખ તથા એકબીજા પ્રત્યેના તેમના મજબૂત સંબંધની ઝલક દેખાડી. દીકરી મીરાના નિધનના થોડા દિવસો બાદ વિજય એન્ટનીએ એક ભાવુક નિવેદન જાહેર કર્યું હતું, જેણે તેમના દર્દને વ્યક્ત કર્યું હતું. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ચેન્નઈ સ્થિત ઘરમાં ૧૬ વર્ષની મીરા મૃત હાલતમાં મળી આવી હતી.



નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે બાલદા ગ્રામ પંચાયતના નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૨

પારડી તાલુકાની બાલદા ગ્રામ પંચાયતના નવનિર્મિત ૭૦ લાખના માતબર ખર્ચે અતિ આધુનિક ગ્રામ પંચાયતનું લોકાર્પણ પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં નાણાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. અતિ આધુનિક એવા આ નવા ગ્રામ પંચાયતને લઈ ગ્રામજનોને અનેક સુવિધાઓ મળી રહેશે સાથે સાથે વહીવટી કામગીરીમાં પણ રાહત થશે.

લોકાર્પણ ખાતે પધારેલા નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ બાલદા ગામના તળાવના બ્યુટીફિકેશન માટે દસ લાખની ગ્રાન્ટ આપવાની જાહેરત કરી હતી સાથે સાથે ટૂંક જ સમયમાં આવી રહેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામજનો જેને જીતાડે તેની સાથે હોવાનું જણાવ્યું હતું.

આજના આ પ્રસંગે પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી એવા શ્રી કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ સદસ્ય શ્રી નરેશભાઈ પટેલ પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ પારડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ દેસાઈ બાલદાના સરપંચ શ્રી રાહુલભાઈ પટેલ ડુંગરીના સરપંચ શ્રી રવિન્દ્રભાઈ પટેલ પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, બાલદા ગામના અગ્રણી શ્રી જતીનભાઈ દેસાઈ સહિત ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો તથા ભાજપ કાર્યકર્તાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્ ખાતે' સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ

સાંસદ ધવલભાઈ પટેલ અને જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાન અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતો આપી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટની સૂચના અને માર્ગદર્શન મુજબ આજરોજ વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મુખ્ય કાર્યાલય 'શ્રી કમલમ વલસાડ' ખાતે આગામી તારીખ ૨૬ નવેમ્બરના રોજ યોજાનાર સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને વલસાડ-ડાંગના સાંસદ, લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ તેમજ વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં 'પત્રકાર પરિષદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પરિષદમાં શ્રી હેમંતભાઈ કંસારાએ જણાવ્યું હતું કે, ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૨૬ નવેમ્બરનો દિવસ અત્યંત ગૌરવપૂર્ણ છે, કારણ કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા દેશનું બંધારણ સ્વીકારવામાં આવ્યું હતું. આઝાદી બાદ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકરે દેશને એક મજબૂત લોકશાહી વ્યવસ્થા આપી છે. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા અને બંધારણ પ્રત્યે આદર વ્યક્ત કરવાના ઉદ્દેશ્યથી, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ૨૬ નવેમ્બરને 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો.

વલસાડ-ડાંગના સાંસદ, લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, બંધારણ ગૌરવ દિવસ (૨૬ નવેમ્બર) નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમાનતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને યાદ કરતા જણાવાયું છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે ગરીબ, વંચિત અને પછાત વર્ગોના ઉત્થાન માટે કાર્યરત છે,મોદી સરકારે જનધન, ઉજ્જવલા, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત અભિયાન દ્વારા શૌચાલયની સુવિધા અને મહિલાઓના ગૌરવ સાથે જોડાયેલા મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે, ઉપરાંત, બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે વિકસાવીને તથા ડિજિટલ પેમેન્ટ એપને 'BHIM' નામ આપીને તેમને સાચુ રાષ્ટ્રીય સન્માન અપાયું છે. નવી શિક્ષણ નીતિ અને કૌશલ્ય વિકાસ દ્વારા યુવાનો માટે પણ પ્રગતિના નવા દ્વાર ખુલ્યા છે. બીજી તરફ, આજે બંધારણના રક્ષણની વાતો કરતી કોંગ્રેસે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદીને લોકશાહી અને નાગરિક અધિકારોનું હનન કર્યું હતું. વર્ષો સુધી સત્તામાં રહેવા છતાં કોંગ્રેસે બાબાસાહેબના વિચારોની અવગણના કરી હતી અને તેમને લોકસભામાં પહોંચતા રોકવા માટે ષડયંત્ર રચ્યું હતું. જેનાથી દેશની જનતા ભલીભાંતિ વાકેફ છે, ભાજપ બંધારણના મૂળભૂત માળખા, લોકશાહી સંસ્થાઓ અને દેશની એકતા-અખંડિતતાનું સન્માન કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નીચે મુજબના કાર્યક્રમો યોજાશે.

તા.૨૩ થી ૨૫ નવેમ્બર ત્રિ-દિવસીય વિશેષ સોશિયલ મીડિયા કેમ્પેઈન ચલાવવામાં આવશે. ૨૫ નવેમ્બરે જિલ્લાના દરેક સ્થળોએ આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાઓની સાફ-સફાઈ કરી સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. '૨૬ નવેમ્બરે સંવિધાન દિવસ' નિમિત્તે ભવ્ય પદયાત્રા યોજાશે તેમજ જિલ્લાની શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓને સંવિધાન અંગેના શપથ લેવડાવવામાં આવશે.

પત્રકાર પરિષદમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ ચોક્સી, વલસાડ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ શ્રી દિવ્યેશ કૈલાશનાથ પાંડે, વલસાડ એસ.સી.મોરચાના પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ મીડિયા સહ-ઈન્ચાર્જ શ્રી જયભાઈ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા.

દાનહના નરોલી તુલસી ગ્રુપ દ્વારા તુલસી વિવાહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૨

દાનહના નરોલી ગામે તુલસી ગ્રુપ દ્વારા ૫૫મો તુલસી વિવાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ઠાકોરજીનો વરઘોડો ગંગેશ્વર મહાદેવ મંદિર ચાર રસ્તાથી નીકળી ભવાની મંદિર સુધી લઈ જવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જાનૈયાઓ જોડાયા હતા. ત્યારબાદ તુલસી માતા અને ભગવાન શ્રી વિષ્ણુના લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શાલીગ્રામ અને માતા તુલસીના લગ્ન રીતરિવાજ અને ધાર્મિક અનુષ્ઠાન સાથે કરવામા આવ્યા હતા. ત્યારબાદ ભાવિક ભક્તોએ ભગવાનના દર્શન પૂજન અને આરતીનો લાભ લીધો હતો. જેમાં મોટી સંખ્યામાં નરોલી ગામના અગ્રણીઓ, ગ્રામજનો વરઘોડામાં અને તુલસી વિવાહમાં મોટી સંખ્યામા લાભ લીધો હતો.

આ અવસરે સેલવાસ પાલિકાના માજી પ્રમુખ શ્રી રાકેશસિંહ ચૌહાણ, અથાલ પંચાયત સરપંચ શ્રી પિયુષસિંહ ગોહિલ, શ્રી મહેન્દ્રસિંહ રાઠોડ, શ્રી આશિષસિંહ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

વલસાડ જિલ્લામાં...

આ ઝુંબેશ અંતર્ગત તા.૦૧/૦૧/૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવા મતદારો ઉપરાંત વર્ષ ૨૦૨૭ની આગામી ત્રણ લાયકાતની તારીખો એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૭, તા. ૦૧/૦૭/૨૦૨૭ અને તા. ૦૧/૧૦/૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર ભાવિ મતદારો પાસેથી પણ ફોર્મ નં.૬ દ્વારા એડવાન્સમાં અરજીઓ સ્વીકારવામાં આવશે. આથી લાયક યુવાનોને મતદારયાદીમાં નામ નોંધાવવાની તકનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત સ્થળાંતરિત મજૂરો, રાત્રિ આશ્રયસ્થાનોમાં રહેતા લોકો, શ્રમિક વસાહતો, ઘરવિહોણા, વંચિત તથા અન્ય સંવેદનશીલ જૂથોના લાયક નાગરિકો મતદાર તરીકે નોંધણીથી વંચિત ન રહી જાય તે માટે જરૂરિયાત મુજબ ખાસ ડ્રાઈવ અને કેમ્પનું આયોજન કરવામાં આવશે.

મતદાર નોંધણીની પ્રક્રિયામાં ખાસ કરીને સ્થળાંતરિત, વંચિત અને હાંસિયામાં ધકેલાયેલા વર્ગના નાગરિકોને સરળતાથી માર્ગદર્શન અને સહાય મળી રહે તે માટે વિધાનસભા મતવિભાગ કક્ષાએ પૂરતી સંખ્યામાં હેલ્પડેસ્ક પણ કાર્યરત કરવામાં આવશે. મતદારયાદી સંબંધિત માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા કક્ષાએ હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જિલ્લાના તમામ લાયક નાગરિકોને ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન પોતાના મતદાન મથકની મુલાકાત લઈ મતદારયાદીમાં નામ અને વિગતોની ચકાસણી કરવા તેમજ જરૂરી સુધારા કે નવી નોંધણી માટે અરજી કરવા અપીલ કરી છે.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM PATEL PRADIPBHAI TO **PRADIP RAJU PATEL** AS PER DOCUMENT
ADDRESS: CHOKIPADA, SAYLI, PO. RAKHOLI, SILVASSA -396230

PUBLIC NOTICE

The public to take note that **FLEXI TUFF INDUSTRIES** had purchased the Industrial Gala No. C-10, admeasuring 1625 Sq. Feet, Built up in Wing - 'C' on Ground Floor at FIRST **TAX FREE INDUSTRIEAL ESTATE,** Constructed on the Survey No.632/2 admeasuring 1 Hector 72 Are situated at Village-Sayli in the Union Territory of Dadra and Nagar Haveli from M/S. LAXMI BUILDERS vide registered Sale Deed dated 17/02/1998, which is presented for registration purpose before the sub registrar office, Silvassa at Serial No. 223/98. The Original Sale Deed dated 17/02/1998 at Serial No. 223/98 and its Receipt are not traceable and it is misplaced.

If anybody is in custody/possession of the above said Sale Deed and Receipt, Please handover the same to the undersigned and if anybody having any claim/claims against into or upon the said Gala by way of inheritance, agreement, mortgage, possession, gift, lease, lien, charge, bequeath etc. or otherwise whatsoever and if anybody has any right title or interest or claim in respect of the above said Gala hereby required to file their written objections along with the supporting relevant documents to the undersigned within 7 (Seven) days from the dated of publication of this notice, failing which the claim/claims if any, shall be deemed to have been waived and/or abandoned forever and it shall be presumed that nobody is in custody of the said original sale deed dated 17/02/1998 at Serial No. 223/98 and receipt and nobody has any right title or interest over the above said Gala.

Date : 21/11/2026

(P.N. PATEL)
Advocate for the Client

Office Add.:-
Shop No. 112, First Floor,
Perin Complex, Kilwani Naka, Silvassa,
U.T. Dadra and Nagar Haveli.

CHANGE OF NAME

I, MUMTAJ NOORMOHAMMED KORTIWALA, WIFE OF LATE NOORMOHAMMED ISMAIL KORTIWALA, HAVE CHANGED MY NAME TO **MUMTAZ NOORMOHAMMED KORTIWALA,** AND MY **ADDRESS :-** FROM B/401, SAMRUDDHI APARTMENTS, KAVI KHABARDAR MARG, TEEN BATI, NANI DAMAN - 396210 TO 13/14-F-1, SAMRUDDHI APARTMENT, KATHIRIA MAIN ROAD, KAVI KHABARDAR MARG, TIN BATTI, NANI DAMAN - 396210. HENCEFORTH I SHALL BE KNOWN AS **MUMTAZ NOORMOHAMMED KORTIWALA** FOR ALL PURPOSES.

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ

નં. એમએજી/મરણ/કેસ નં.૪૭૪/૨૦૨૫ તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટિસ

વાદીઃ શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદી આંબીબેન ઘાકલેભાઈ પવારનું મરણ તા.૧૦-૦૧-૧૯૯૬ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ

નં. એમએજી/મરણ/કેસ નં.૪૭૫/૨૦૨૫ તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટિસ

વાદીઃ શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદા પાંડયાભાઈ ભાવલ્યાભાઈ પવારનું મરણ તા.૦૩-૦૧-૧૯૬૨ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ

નં. એમએજી/મરણ/કેસ નં.૪૭૧/૨૦૨૫ તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટિસ

વાદીઃ શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના પિતા દગડુભાઈ સોનજીભાઈ પવારનું મરણ તા.૩૧-૦૮-૨૦૦૭ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ

નં. એમએજી/મરણ/કેસ નં.૪૭૨/૨૦૨૫ તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટિસ

વાદીઃ શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદા સોનજીભાઈ પાંડયાભાઈ પવારનું મરણ તા.૧૦-૦૭-૧૯૭૦ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા

મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી

મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ

નં. એમએજી/મરણ/કેસ નં.૪૭૩/૨૦૨૫ તા.૦૬/૧૦/૨૦૨૬

જાહેર નોટિસ

વાદીઃ શ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવાર, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ

-: વિરૂધ્ધ :-

પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી પુંડલિકભાઈ દગડુભાઈ પવારના દાદી સકીબેન સોનજીભાઈ પવારનું મરણ તા.૦૧-૧૨-૧૯૭૫ ના રોજ વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬-૧૦-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૨૭/૧૧/૨૦૨૬ શુક્રવાર	રખોલી	૬૬/૧૧ કેવી રખોલી એસએસ સાથે જોડાયેલા તમામ ગ્રાહકો	૬૬/૧૧કેવી રખોલી એસ.એસ.ના તમામ ગામો/વિસ્તારો. સાયલી ડુંગરપાડા, સાયલી સોસાયટીપાડા, સાયલી સાલકરપાડા, બાલાજી એક્સપોર્ટ ગલી, આઈએમપી ગલી, જેએસકે ગલી, સાયલી મેઘાપાડા, શીવાય કોમ્પ્લેક્સ, અંગોરીપાડા, રખોલી સિટી, કાકવાપાડા, પટેલપાડા, રખોલી પટેલ પાડા, રખોલી બજાર ફળિયા, ડીંઘાપાડા, અંધેરપાડા, કિનારીપાડા, દત્તુપાડા, સાયલી સાંઈ મંદિર દત્તુપાડા, ડાબર ઈન્ડ., યુનિવર્સલ પેટ્રોકેમ, આલોક ગલી, ઓરેકલ ગલી, પોલિસિલ પાઈપ, સ્યોરલોક, શીલા ફોમ, રખોલી સિટી, સ્કૂલ ફળિયા, ખાડીપાડા, રખોલી પંચાયત, ઉગન પાડા, મધુબન ગલી, કેઈઆઈ ગલી, કરાડ ખાડીપાડા, કરાડ ડુંગરીપાડા, કરાડ સ્કૂલ ફળિયા, ભામણ ફળિયા, કરંજ પાડા, વર્લીપાડા એક્સપ્રેસ ફીડર : કેઈઆઈ (રખોલી), કેમકો, પાર્લે એગ્રો, અપાર ઈન્ડ. યુનિટ -૧ અને યુનિટ -૨, નમો મેડિકલ, સિયારામ, સ્વાતિ/રુંગટા, સ્ટરલાઈટ, શ્રી નાગાની, નેશનલ પોલીપ્લાસ્ટ, રખોલી સ્ટેશન ટીઆર ફીડર, ડીકે એપેરલ, સિલવાસા વુવન સેક, રામ રત્ન વાયર્સ, ગંગા જમુના, સ્ટરલાઈટ પાવર (આરકેએલ), ખેમી, ડબલ્યુટીપી ફિલ્ટરેશન પ્લાન્ટ, આરઆર કેબલ-૨, આઈપીપીએલ (રખોલી), જેએસકે ઈન્ડસ્ટ્રીઝ -૨ (રખોલી), પ્રીસ્ટ્રેસ સ્ટીલ એલએલપી ઓરેકલ પોલીપ્લાસ્ટ,આરઆર કેબલ-યુનિટ ૩, ડાબર, બલબીર મેટલ, જેએસક, સાલાસર. ૬૬ કેવી ગ્રાહકોઃ ૬૬ કેવી ભિલોશા, ૬૬ કેવી મેડેલિન, ૬૬ કેવી યુનિફાય, ૬૬ કેવી એવાયએમ

અસુવિધા બદલ દિલગીર છીએ.



વીજ ચોરી !! જેલની સજા.
(ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ગુંદલાવ જીઆઈડીસીમાં રૂા.૨૩.૯૩ કરોડના ખર્ચે અંડરગ્રાઉન્ડ વીજ નેટવર્કની કામગીરીનું ખાતમુહૂર્ત કરાયું

સોલાર રૂફટોપના કારણે નાગરિકોની કરોડો રૂપિયાની બચત થઈ રહી છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા ગુંદલાવ જીઆઈડીસી વિસ્તારમાં આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (AII) યોજના હેઠળ ભારે તથા હળવા દબાણની વીજ લાઈનની અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત અને રિંગ મેઈન યુનિટ તથા કોમ્પેક્ટ સબ સ્ટેશન સ્થાપિત કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

પ્રોજેક્ટના ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે,આ પ્રોજેક્ટમાં ૬૦ ટકા હિસ્સો ગુજરાત સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાંથી, ૨૦ટકા ડીજીવીસીએલ (DGVCL) દ્વારા અને ૨૦ ટકા નોટિફાઇડ એરિયા ઓથોરિટી દ્વારા ફાળવવામાં આવશે. ઉદ્યોગોના વિકાસ અને સાતત્યપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા માટે અવિરત વીજ પુરવઠો સૌથી મહત્વનું પરિબળ છે.

વીજ ક્ષેત્રે આવેલા ક્રાંતિકારી સુધારાઓનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૫ વર્ષની યાત્રામાં ડાંગ જિલ્લાથી'જ્યોતિગ્રામ યોજના', ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના અને નવી સોલાર પોલિસી જેવા ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. 'પીએમ સૂર્યઘર યોજના' હેઠળ ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ઘરો પર સોલાર રૂફટોપ લાગવાથી નાગરિકોને કરોડો રૂપિયાની બચત થઈ રહી છે. વધુમાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દરિયાકાંઠાના ૨૦ થી ૨૫ કિલોમીટર સુધીના વિસ્તારોમાં પણ અંડરગ્રાઉન્ડ કેબલિંગનું આયોજન કરાયું છે.

વલસાડ ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન અને ડિજીવીસીએલના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી કે.જે.રાઠેડે સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

કુલ રૂા.૨૩.૯૩ કરોડના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારનો ફાળો રૂા.૭.૫૨ કરોડ, જીઆઈડીસીનો ફાળો રૂા.૨.૫૧ કરોડ અને DGVCLનો ફાળો રૂા.૧.૪૦ રહેશે. આ યોજના અંતર્ગત ૨૭.૧૧૫ કિ.મી. ભારે દબાણ (HT) અંડરગ્રાઉન્ડ કેબલ અને ૩૪.૧૯૭ કિ.મી.હળવા દબાણ (LT) અંડરગ્રાઉન્ડ કેબલ નાંખવાની સાથે ૨૩ નંગ રિંગ મેઈન યુનિટ (RMU) તથા ૩૨ નંગ કોમ્પેક્ટ સબસ્ટેશન (CSS) સ્થાપિત કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટનો સીધો લાભ ગુંદલાવ GIDC વિસ્તારના કુલ ૯૯૪ વીજ ગ્રાહકોને મળશે, જેમાં ૪૧૫ રહેણાંક, ૩૩૫ હળવા દબાણ (LT), ૨૦૬ મધ્યમ દબાણ તથા ૩૮ ભારે દબાણ (HT) વીજ ગ્રાહકોનો સમાવેશ થાય છે.

આ કામગીરી પૂર્ણ થવાથી ખુલ્લી વીજ લાઈનો દૂર થતાં વીજ અકસ્માતનું જોખમ ઘટશે અને સમગ્ર વીજ નેટવર્ક વધુ સુરક્ષિત બનશે. RMU આધારિત નેટવર્કથી વીજ ખામીનું ઝડપી નિરાકરણ શક્ય બનશે અને વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં વધારો થશે. ઉપરાંત, કોમ્પેક્ટ સબસ્ટેશનથી ઓછી જગ્યામાં વધુ સારી વીજ વિતરણ સુવિધા ઉપલબ્ધ થશે. અંડરગ્રાઉન્ડ કેબલિંગના કારણે વીજ પુરવઠામાં વિક્ષેપ ઘટશે અને ઔદ્યોગિક એકમો સહિત તમામ વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત, સુરક્ષિત તથા સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે, જેનાથી ગુંદલાવ GIDCના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

કાર્યક્રમમાં ડીજીવીસીએલના અધિકારી-કર્મચારીઓ, ગુંદલાવ ગામના સરપંચ, વલસાડ ઈન્ડસ્ટ્રીયલ એસોશિએશનના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.





તિથલ સ્વામિનારાયણ મંદિરે મહંત સ્વામી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં ભવ્ય હાટડી ઉત્સવ યોજાયો







મંદિર સહિત ત્રણ સ્થળોએ વિવિધ શાકભાજી અને ફળોની સુંદર હાટડીઓ સજાવાઈઃ ભગવાનને અર્પણ કરાયેલાં શાકભાજી દર્શનાર્થીઓ અને હરિભક્તોને પ્રસાદરૂપે વિતરણ કરાયાં

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

વલસાડ જિલ્લાના સુપ્રસિદ્ધ તિથલ સ્વામિનારાયણ મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં પરંપરાગત 'હાટડી ઉત્સવ' ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિર પરિસરમાં સ્વામિનારાયણ મંદિર ખાતે, નીલકંઠવર્ણી મહારાજની પ્રતિમા પાસે તેમજ મુખ્ય સ્ટેજ પર એમ કુલ ત્રણ સ્થળોએ હાટડીઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાટડી ઉત્સવમાં સંતો અને હરિભક્તોએ વિવિધ પ્રકારનાં શાકભાજી અને ફળોની સુંદર હાટડીઓ સજાવી ભગવાનના ચરણોમાં અર્પણ કર્યાં હતાં. ભક્તિ અને સમર્પણના ભાવ સાથે ભગવાનને અર્પણ કરવામાં આવેલાં શાકભાજી અને ફળો ઉત્સવના વિશેષ આકર્ષણ બન્યાં હતાં.

ઉત્સવ પૂર્ણ થયા બાદ આ શાકભાજી દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ અને હરિભક્તોને પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવી હતી. હરિભક્તો આ પ્રસાદ ઘરે લઈ જઈ પરિવારજનો સાથે પ્રેમપૂર્વક રસોઈ બનાવી આરોગી ધન્યતા અનુભવી હતી. આમ, હાટડી ઉત્સવ દ્વારા ભક્તિ, સમર્પણ અને પ્રસાદીનો અનોખો સંગમ સર્જાયો હતો. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

વાપીના અભિષેક જવેલર્સની પાંચ કરોડ ખંડણીના આરોપીએ હોસ્પિટલમાં પોલીસ ઉપર હુમલો કરતા પોલીસે ગોળી મારી





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપીમાં ગયા સમાહે ગાંધી માર્કેટ બજાર સ્થિત અભિષેક જવેલર્સ માલિકના પુત્ર ઉપર પાંચ કરોડ ખંડણી વસુલી માટે આવેલ ત્રણ આરોપીએ હુમલો કર્યો હતો. હુમલા બાદ પોલીસે ત્રણ આરોપીને કલાકોમાં ઝડપી પાડ્યા હતા. ૮ દિવસના રિમાન્ડ દરમિયાન મુખ્ય આરોપીને મેડિકલ માટે વાપી મીની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામા આવ્યો હતો. જ્યાં ભાગવા માટે પોલીસ ઉપર હુમલો કરતા પોલીસે ગોળી મારી અર્ધ ઘાયલ કરતા ઘટનામાં મોટો વળાંક આવતા ફરી સનસનાટી મચી જવા પામી છે. ઘટનામાં પી.આઈ. સહિત બે પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા.

વાપી સ્થિત અભિષેક જવેલર્સના માલિકના પુત્ર લલિત જૈન ઉપર ગયા સમાહે પાંચ કરોડના ખંડણી પ્રકરણમાં જીવલેણ હુમલો ત્રણ આરોપીએ કર્યો હતો. પોલીસે કલાકોમાં ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા. ઈન્ટરનેશનલ ગેંગના ઝડપાયેલ ત્રણ આરોપી ૮ દિવસના પોલીસ રિમાન્ડ હતા. તે પૈકી મુખ્ય સુત્રધાર જુગરાજ ઉર્ફે યુવરાજને એસ.ઓ.જી. પી.આઈ.ડી.ડી.પરમાર અને ટીમ આરોપીનું મેડીકલ ચેકઅપ કરવા હેતુ બલીઠા સિવિલ હોસ્પિટલમાં આજે રવિવારે છ વાગ્યાના સુમારે લઈ ગઈ હતી. તે દરમિયાન આરોપી ભાગવા માટે પોલીસ ઉપર હુમલો કર્યો હતો. જવાબી કાર્યવાહીમાં પી.આઈ. ડી.ડી. પરમારે આરોપી યુવરાજના પગમાં ગોળી મારીને ઘાયલ કરી દીધો હતો. યુવરાજ હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અભિષેક જવેલર્સના ચકચારી પ્રકરણમાં જવો સનસનાટી ભેલ બનેલ બનાવમાં નવો વળાંક આવ્યો હતો.

મુખ્ય આરોપી જુગરાજ ઉર્ફે યુવરાજને વાપી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા ઘટેલી ઘટના

પારડીમાં ઠેર ઠેર પોલિયો નાબૂદી અભિયાન હાથ ધરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૨

તા.૨૨ નવેમ્બર એટલે પોલિયો દિવસ સમગ્ર ભારતમાંથી પોલિયો નાબૂદ થઈ ચૂક્યો છે, પરંતુ વિશ્વના કેટલાક દેશોમાંથી હજુ પણ પોલિયો નાબૂદ થયો ન હોય અને ફરીથી ફેલાવવાની શક્યતાને લઈ એક થી પાંચ વર્ષના બાળકોને દર વર્ષે ૨૨ નવેમ્બરે પોલિયોના બે ટીપા પીવડાવી પોલિયો મુક્ત ભારત અભિયાનમાં સફળતા પ્રાપ્ત કરી શક્યા છે. ૨૨ નવેમ્બરે પારડીના વિવિધ સ્થળોએ તે પછી પારડી ચાર રસ્તા જાહેર સ્થળે, વિવિધ આંગણવાડીઓમાં ઉમરસાડી માછીવાડ ખાતે કે આસમાં ગામે મંદિરમાં જેવા અનેક સ્થળોએ પોલિયોના બે ટીપાં પીવડાવી પોલિયો મુક્ત અભિયાન હાથ ધરાયું હતું.

આ અભિયાનમાં પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ પારડી માછીવાડ ના સરપંચ ખુશ્બુબેન જવાહરભાઈ ટંડેલ તથા પારડી નગર પાલિકા વોર્ડ નંબર એકના સદસ્ય શ્રી શિરીષભાઈ પટેલ આ પોલિયો અભિયાનમાં પોતાના હસ્તે એક થી પાંચ વર્ષ નાના બાળકોને પોલિયોના ટીપા બેવડાવી આ પોલિયો નાબૂદી અભિયાનમાં પોતાની ફરજ નિભાવી હતી.

વાપી શીખ સમુદાય દ્વારા ગુરુનાનક જયંતિએ ભજન, કિર્તન રેલી યોજાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨

વાપી ગુરુનાનક દરબાર દ્વારા ભવ્ય નગર કિર્તન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતં. રેલી વાપીના વિવિધ વિસ્તારમાં વિવિધ આકર્ષણ સાથે ફરી હતી. જેમાં શીખ સમુદાયના હજારો ભાઈ-બહેનો જોડાઈને આ રેલીને સફળ બનાવી હતી.

શીખ ધર્મમાં સંસ્થાપક ગુરુનાનક દેવ શીખોના પ્રથમ ગુરુ છે. તેમજ મહિમા અપરંપાર છે. શેખ ધર્મ માટે આસ્થા ઉપાસના કેન્દ્ર સ્થાને ગુરુ નાનક દેવ રહ્યા છે. તેમની ઉપાસના અને શ્રદ્ધા માટે શીખ સમુદાય દ્વારા ગુરુનાનક દરબારની ભવ્ય નગર કિર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવન અવસરે ભક્તિના ઉત્સાહનો માહોલ છવાયેલો હતો. કિર્તન હેલીમાં શીખ માર્શલ આર્ટ સહિત શાર્પ રજુ થયેલ કરતબ થકી ભારે આકર્ષણ જમાવ્યું હતું. સેવા સમાનતા અને એક્તાના સંદેશ સાથે નિકળેલી કિર્તન યાત્રા વાપીના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ઠેર ઠેર સેવા કાર્ય કરવામાં આવી રહ્યું હતું. ગુરુદ્વારા ચણોદ દ્વારા રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

દાદરા ગાર્ડનમાં પર્યટકોની સુરક્ષાને લઈ ગંભીર સવાલ





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૨

દાનહમાં હાલમાં દિવાળી વેકેશનના કારણે પ્રવાસીઓ આવી રહ્યા છે.જેઓ પ્રદેશના વિવિધ પ્રવાસન સ્થળની મુલાકાત સાથે ગાર્ડનમાં નાના બાળકો રમતોની સાથે બોટીંગની પણ મજા માણતા જોવા મળે છે. એની સામે દાદરા ગાર્ડનમા મોટર બોટ પર પર્યટકોને ફેરવતો એક નાનો બાળક જોવા મળી રહ્યો છે, અને સાથે પર્યટકોને સેફટી ગાર્ડ પણ પહેરવા આપતા નથી, હવે સવાલ એ ઉભો થઈ રહ્યો છે કે આખરે આટલી નાની ઉંમરે બાળકને મોટર બોટ ચલાવવાની જવાબદારી કોણે સોંપી, જો આ દરમિયાન કોઈ દુર્ઘટના બની જાય તો અથવા કોઈ પર્યટકનો જીવ ખતરામાં પડે તો એની જવાબદારી કોણ લેશે.

બીજી તરફ બાળકોના મનોરંજન માટે લગાવવામાં આવેલ મિકી માઉસ પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યુ છે. તે છતાંપણ એની અંદર બાળકો રમતા જોવા મળી રહ્યા છે.

એકબાજુ મોટરબોટ સંચાલનમાં સુરક્ષાને લઈ સવાલ તો બીજી તરફ બાળકોના રમવાના ઉપકરણોની ખરાબ સ્થિતિ,આખરે દાદરા ગાર્ડનનું સંચાલન કરનાર જવાબદાર અધિકારી આ વ્યવસ્થાઓ પર ધ્યાન ક્યારે આપશે.

પ્રશાસનને સવાલ છે કે, પર્યટકો અને માસુમ બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આખરે ક્યારે યોગ્ય પગલાં લેવામા આવશે ?

વાપી જીઆઈડીસી એન્જિનિયરીંગ કંપનીમાં ૩.૧.૨૯ લાખની એસએસ પ્લેટ ચોરીનો ભેદ ઉકેલાયો : ત્રણ આરોપી ઝડપાયા

આરોપી વિનીત વિક્રમસીંગ અને પિન્ટુ અમરીસ ચૌધરી અને સુરેન્દ્ર રતન બક્તા પાસેથી પોલીસે મુદ્દામાલ રિકવર કર્યો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૨: વાપી જીઆઈડીસી ૪૦ શેડ વિસ્તારમાં આવેલ સ્કેન એન્જિનિયરીંગ નામની કંપનીમાં ગત તા. ૧૮ નવેમ્બરના રોડ ઘરફોડ ચોરી થઈ હતી. પોલીસે ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૧.૪૦ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

વાપી જી.આઈ.ડી.સી. ૪૦ શેડ વિસ્તાર પ્લોટમાં ૭૬૩માં કાર્યરત સ્કેન એન્જિનીયરીગ કંપનીમાં ગત તા.૧૮ નવેમ્બરના રોજ ચોરી થઈ હતી. ચોરીનો એસએસની પ્લેટ ૨૪ ટુકડા વજન ૩૩૬ કિગ્રા તેમજ કટીંગ વિભાગમાંથી ૧૫ એસએસ પ્લેટ વજન ૧૮૦ કિગ્રા મળી કુલ ૧.૨૯ લાખની ઘરફોડ ચોરી થઈ હતી.

પોલીસ ફરિયાદ જીઆઈડીસી પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનીકલ એનાલીસીસ આધારે તપાસમાં મળેલી બાતમી આધારે ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. આરોપી વિનીત વિક્રમસીંગ (ઉ.વ.૧૮) તથા પીન્ટુ અમરીસ રામબસી ચૌધરી (ઉ.વ.૧૮) અને સુરેન્દ્ર રતન બક્તા(ઉ.વ.૩૨)ની ધરપકડ કરી હતી. તેમજ સેવારામ ઉર્ફે શૈલેષ ગેનાજી નામના આરોપીને વોન્ટેડ જાહેર કરાયો છે. આરોપીઓએ સેવારામને માલ વેચ્યો હતો. જે પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. કબજે કરાયેલ મુદ્દામાલમાં એસએસ પ્લેટ ૨૫ નંગ ૧૩ સર્કલ પ્લેટ, હીરો હોન્ડા બાઈક (૫૦ હજાર) ૧૦ હજારના મોબાઈલ મળી કુલ ૧.૪૦ લાખનો પોલીસે આરોપીઓ પાસેથી મુદ્દામાલ જમ કર્યો હતો. એલસીબી ટીમ, પી.એસ.આઈ. જે.જી.પરમાર, એએસઆઈ વિજય માધવરાવ, પો.કો. હરીશભાઈ, રાહુલભાઈ અને ટીમને સફળતા મળી છે. ત્રણેય આરોપીને વધુ તપાસ માટે જી.આઈ.ડી.સી. પોલીસને સોંપવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લામાં મતદારયાદી સુધારણા માટે તા.૨૯ નવેમ્બર, તા.૬ અને તા.૧૩ ડિસેમ્બરે ખાસ ઝુંબેશ યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૨

ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ અંતર્ગત વલસાડ જિલ્લામાં આગામી તા.૨૯ નવેમ્બર, ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશના દિવસો યોજવામાં આવશે. આ દિવસોમાં જિલ્લાના તમામ મતદાન મથકો પર સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી બુથ લેવલ ઓફિસર (BLO) ઉપસ્થિત રહી મતદારયાદી સંબંધિત હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી નિતિન સાંગવાને જણાવ્યું અખબારી યાદીમાં જણાવ્યું કે, મતદારયાદી સુધારણાની કામગીરીમાં કોઈ પણ લાયક નાગરિક મતદાર તરીકે નોંધણીથી વંચિત ન રહી જાય તે હેતુથી આ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન બીએલઓ દ્વારા મતદાન મથક ખાતે નાગરિકોની અરજીઓ સ્વીકારવાની સાથે મતદારયાદીમાં વિગતોની ચકાસણી કરવામાં આવશે અને બીએલઓ એપ પર ફોર્મની એન્ટ્રી પણ કરવામાં આવશે.

-વધુ પેજ નં.૭ પર